# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૧૦ જાન્યુઆરી ૨૦૨૪, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર વદ ચૌદસ

વર્ષ : ૧૫
અંક : ૧૬૧

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886






# ગુજરાત પધારેલા યુએઈના રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાનનું અમદાવાદ એરપોર્ટ પર ઉષ્માસભર સ્વાગત કરતા પીએમ મોદી

। અમદાવાદ, તા.૯ ।

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪માં સહભાગી થવા યુએઈના રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન અમદાવાદ એરપોર્ટ આવી પહોંચ્યા હતા, જ્યાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં તેમનું ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. યુએઈ રાષ્ટ્રપ્રમુખને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકરે આવકાર્યા હતા.

આ તકે અમદાવાદ શહેરના મેયર શ્રીમતી પ્રતિભા જૈન, રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજ કુમાર, ફોરેન સેક્રેટરી શ્રી વિનય ક્વાત્રા, યુએઈના ભારતીય એમ્બેસેડર શ્રી સુંજય સુધીર, રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય, અમદાવાદના પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક, ગલ્ફના જોઈન્ટ સેક્રેટરી શ્રી અસીમ મહાજન, ચીફ પ્રોટોકોલ ઓફિસર શ્રી જ્વલંત ત્રિવેદી, અમદાવાદ જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. સહિતના મહાનુભાવોએ યુએઈના રાષ્ટ્રપ્રમુખશ્રીને આવકારી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે એરપોર્ટ ખાતે યુએઈના રાષ્ટ્રપ્રમુખને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. ગુજરાતની સાંસ્કૃતિક ઝાંખી રજૂ કરીને તેમને આવકારવામાં આવ્યા હતા.







### વડાપ્રધાને ગ્લોબલ ટ્રેડ શોનો શુભારંભ કરાવ્યો

# ગ્લોબલ ટ્રેડ શોમાં મેક ઈન ગુજરાત, આત્મ નિર્ભર ભારત સહિતની વિવિધ થીમ પર આધારિત ૧૩ સ્ટોલ

**બે લાખ ચોરસ મીટર વિસ્તારમાં દેશ-વિદેશના મહાનુભાવો, ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા, ટ્રેડ શોમાં વિઝિટીંગ તરીકે ૧૦૦ દેશો જ્યારે પાર્ટનર તરીકે ૩૩ દેશો ભાગ લઈ રહ્યા છે**

। ગાંધીનગર, તા.૯ ।

પીએમ મોદીના હસ્તે ગ્લોબલ ટ્રેડ શોનો શુભારંભ કરાવ્યો છે. તેમની સાથે રાજ્યના સીએમ ભુપેન્દ્ર પટેલ પણ ત્યાં ઉપસ્થિત રહ્યા હતા. આ ટ્રેડ શોમાં 'મેક ઈન ગુજરાત', ''આત્મ નિર્ભર ભારત'' સહિતની વિવિધ થીમ પર આધારિત ૧૩ સ્ટોલ બનાવવામાં આવ્યા છે. બે લાખ ચોરસ મીટર વિસ્તારમાં દેશ-વિદેશના મહાનુભાવો, ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા છે. આ ગ્લોબલ ટ્રેડ શોમાં ૨૦ દેશોના ઉદ્યોગોની માહિતી પ્રદર્શિત કરાશે. વિવિધ ક્ષેત્રોમાં થઈ રહેલા સંશોધનો અને નવીનતાઓ રજૂ કરશે. આ ટ્રેડ શોમાં વિઝિટીંગ તરીકે ૧૦૦ દેશો જ્યારે પાર્ટનર તરીકે ૩૩ દેશો ભાગ લઈ રહ્યા છે.

ગુજરાત ટ્રેડ શોમાં એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ, ઓટોમોબાઈલ અને ઓટો કમ્પોનન્ટ્સ, સિરામિક્સ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ,જેમ્સ એન્ડ જ્વેલરી, ફાર્માસ્યુટિકલ્સ,પોર્ટ્સ અને મરીન જેવા ક્ષેત્રોમાં અત્યાધુનિક ઉત્પાદનો અને સેવાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. ટેક્સટાઈલ્સ અને ગાર્મેન્ટ,ઈલેક્ટ્રિક વાહનો, ગ્રીન હાઈડ્રોજન,એરક્રાફ્ટ અને આનુષંગિક ઉદ્યોગો,નવીનીકરણીય ઊર્જા, સેમિકન્ડક્ટર અને ઈએસડીએમ ફિનટેક, સાયબર સુરક્ષા, એઆઈ, મશિન લર્નિંગ સહિતના ઉદ્યોગો આ ટ્રેડ શોના આકર્ષણના કેન્દ્રો રહેશે.રાજ્યમાં દર બે



વર્ષે યોજાતા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા તા.૯થી ૧૩ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન હેલિપેડ ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે 'વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો'-૨૦૨૪ યોજાશે. બે લાખ ચોરસ મીટર વિસ્તારમાં પ્રદર્શન અને સ્ટોલ ધરાવતા ભારતના આ સૌથી મોટા ગ્લોબલ ટ્રેડ-શોનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થોડીવારમાં જ ઉદઘાટન કરવામાં આવશે. ભારતના સૌથી મોટા ગ્લોબલ ટ્રેડ-શોનું આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે.આ ઉદઘાટન પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત દેશ- વિદેશના મહાનુભાવો,ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહેશે. આ ગ્લોબલ ટ્રેડ શો તા.૧૦-૧૧ જાન્યુઆરીએ બિઝનેસ વિઝટર્સ માટે જ્યારે તા. ૧૨-૧૩ જાન્યુઆરીએ જાહેર જનતા માટે ખુલ્લો રહેશે. ૧૦મા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ અંતર્ગત યોજાતા આ ગ્લોબલ ટ્રેડ -શોમાં ઓસ્ટ્રેલિયા, તાંઝાનિયા, મોરોક્કો, મોઝામ્બિક, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, એસ્ટોનિયા, બાંગ્લાદેશ, સિંગાપોર, -સંયુક્ત આરબ અમીરાત, યુકે, જર્મની, નોર્વે, ફિનલેન્ડ, નેધરલેન્ડ, રશિયા,રવાન્ડા, જાપાન, ઈન્ડોનેશિયા અને વિયેતનામ એમ કુલ ૨૦ દેશો આ પ્રદર્શનમાં પોતાના દેશોના ઉદ્યોગોની માહિતી પ્રદર્શિત કરશે. જેમાં સંશોધન ક્ષેત્રના અંદાજે ૧૦૦૦થી વધુ પ્રદર્શકો સહભાગી થશે જે વિવિધ ક્ષેત્રોમાં થઈ રહેલા સંશોધનો અને નવીનતાઓને રજૂ કરશે. ટ્રેડ શોમાં વિઝિટીંગ તરીકે ૧૦૦ દેશો જ્યારે પાર્ટનર તરીકે ૩૩ દેશો ભાગ લઈ રહ્યા છે.

### અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર જવાના રસ્તા પર મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા

# અમદાવાદમાં પીએ મોદીનો UAEના વડા સાથે મેગા રોડ શો

**રોડ શોના રૂટ પર અલગ અલગ સ્વાગત પોઈન્ટ બનાવવામાં આવ્યા હતા સ્વાગત પોઈન્ટ પર અલગ અલગ રાજ્યોની ઝાંખી રજૂ કરાઈ હતી**



। અમદાવાદ, તા.૯ ।


વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સ્વાગત કર્યું હતું. UAEના રાષ્ટ્રપતિને લેવા માટે PM મોદી અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એરપોર્ટ પહોંચ્યા હતા. UAEના રાષ્ટ્રપતિનું ચાર્ટર્ડ પ્લેન અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચ્યું હતું. ત્યારબાદ પીએમ મોદી એને રાજ્યના મુખ્યમંત્રી દ્વારા તેમનું સ્વાગત કરાયું હતું. જે બાદ બંને દેશના વડાએ એરપોર્ટ તિરંગા સર્કલથી રોડ શો યોજ્યો હતો. રોડ શોના રૂટ પર અલગ અલગ સ્વાગત પોઈન્ટ બનાવવામાં આવ્યા હતા. સ્વાગત પોઈન્ટ પર અલગ અલગ રાજ્યોની ઝાંખી રજૂ કરાઈ હતી. આ અગાઉ પીએમ મોદીએ ગાંધીનગરમાં વાઈબ્રેન્ટ ગુજરાત વૈશ્વિક વેપાર પ્રદર્શની ૨૦૨૪નું ઉદ્ઘાટન કર્યું હતું. આ વૈશ્વિક પ્રદર્શની ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં હેલીપેડ ગ્રાઉન્ડના કેન્દ્રમાં આવેલા હોલમાં લગાવવામાં આવી છે. તેનું કુલ ક્ષેત્રફળ લગભગ બે લાખ વર્ગ મીટર છે. પ્રદર્શનીમાં કુલ ૨૦ દેશ ભાગ લઈ રહ્યા છે. તેની શરુઆત વાઈબ્રન્ટ ગુજરાત શિખર સંમેલનની પહેલા થઈ છે. આ શિખર સંમેલનનું ઉદ્ઘાટન પણ પીએમ મોદી બુધવારે કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સ્વાગત કર્યું. UAEના રાષ્ટ્રપતિને લેવા માટે PM મોદી અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એરપોર્ટ પહોંચ્યા હતા. UAEના રાષ્ટ્રપતિનું ચાર્ટર્ડ પ્લેન અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચ્યું હતું. ત્યારબાદ પીએમ મોદી એને રાજ્યના મુખ્યમંત્રી દ્વારા તેમનું સ્વાગત કરાયું હતું.















### ફ્લાઈટ વડોદરા, સુરત, રાજકોટ એરપોર્ટ પર કરાશે પાર્ક

# વાઈબ્રન્ટ દરમિયાન અમદાવાદ એરપોર્ટનું પાર્કિંગ ફુલ થઈ ગયું

### એક અંદાજ મુજબ એક લાખથી વધુ પ્રતિનિધિઓ ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ ફ્લાઇટમાં અમદાવાદ એરપોર્ટ પર ઉતરાણ કરશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૯ ।

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટને લઈને તારીખ ૧૦થી ૧૨ જાન્યુઆરી દરમિયાન ગેટવે ટુ ધ ફ્યુચરની થીમ પર ૧૦મી સમિટને લઈને અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ૪૦૦થી વધુ ફ્લાયટનું આવાગમન થશે. ૪૩ જેટલા પાર્કિંગ ફુલ થઈ જતા ચાર્ટર વિમાનો વડોદરા સુરત અને રાજકોટ એરપોર્ટ પર પાર્ક કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦મી જાન્યુઆરીએ ગાંધીનગરના વિવિધ કાર્યક્રમો ખુલ્લા મુકશે આ દરમિયાન દેશ-વિદેશના મહાનુભાવો ઉદ્યોગપતિઓના લક્ઝુરિયસ વિમાનના આવાગમનને કારણે એરપોર્ટ સતત વ્યસ્ત રહેશે. એક અંદાજ મુજબ એક લાખથી વધુ પ્રતિનિધિઓ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં અમદાવાદ એરપોર્ટ પર ઉતરાણ કરશે ભાગીદાર દેશ તરીકે જોડાયેલા ઓસ્ટ્રેલિયા બાંગ્લાદેશ ચેક રિપબ્લિક ઈજિપ્ત, ઓસ્ટિનિયા ફિંગલેન્ડ, જર્મની, ઈન્ડોનેશિયા, જાપાન, કેન્યા, મલેશિયા, માલટા, મૂરક્કો, મોઝામ્બિક, નેપાળ, નેધરલેન્ડ, નોર્વે, પોલેન્ડ, કોરિયા, રિપબ્લિક રવાન્ડા, સિંગાપુર, તાનજીનીયા, થાઈલેન્ડ યુએઈ, યુનાઈટેડ કિંગડમ, ધાના, વિયતનામનો સમાવેશ થાય છે. આ દેશના પ્રતિનિધિઓ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સમા મુંબઈ દિલ્હી થઈને ડોમેસ્ટિક ફ્લાઈટમાં અમદાવાદ આવશે. દેશની જુદી જુદી કંપનીના પ્રતિનિધિઓ પણ ડોમેસ્ટિક ફ્લાઈટ મારફતે અમદાવાદ એરપોર્ટ પર આવશે પરિણામે આગામી સપ્તાહ દરમિયાન એક લાખ લોકોનું અમદાવાદ એરપોર્ટ પર આવાગમન થશે જે એક રેકોર્ડ બ્રેક રહેશે. એરપોર્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર વીઆઈપીઓની પ્રાયોરિટી મુજબ ચાર્ટર ફ્લાઈટના પાર્કિંગ આપવામાં આવશે. આ મુમેન્ટ દરમિયાન કોઈપણ પ્રકારની અભિવ્યવસ્થા સર્જાય નહીં તે માટે મહાત્મા મંદિર સુધી એક વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ડોમેસ્ટિક પેસેન્જરને તેમની ફ્લાઈટ છુટી ના જાય તે માટે ત્રણ કલાક વહેલા પહોંચવા માટે સૂચના આપવામાં આવી છે. જેથી લગેજ સ્કેનિંગ સહિતની સિક્યુરિટી ચેકિંગમાં પ્રક્રિયાઓ પૂર્ણ ઝડપે થઈ શકે. સતાવાર સૂત્રોની

### ચેતકનું ઇલેક્ટ્રિફાઇંગ અપગ્રેડ

# આકર્ષક નવી સુવિધાઓ સાથે ઓલ-ન્યૂ ૨૦૨૪ ચેતક પ્રીમિયમ અને અર્બેન ઇલેક્ટ્રિક ટુ વ્હીલર્સ

### ચેતક અર્બેન ૨૦૨૪, કિંમત રૂ. ૧,૧૫,૦૦૧ (એક્સ-શોરૂમ દિલ્હી), કોર્સ ગ્રે, સાયબર વ્હાઇટ, બ્રુકલિન બ્લેક અને ઈન્ડિગો મેટાલિક બ્લુ રંગોમાં ઉપલબ્ધ છે



। અમદાવાદ, તા.૯ ।

૨૦૧૯ માં,બજાજ ઓટોએ ઈલેક્ટ્રિક સ્કૂટર્સની ભારતની સતત વધતી માંગને પહોંચી વળવા માટે ઈલેક્ટ્રિક ચેતકને વિશ્વ સમક્ષ રજૂ કર્યું. ત્યારથી ચેતક સતત વિસ્તરી રહી છે, જે ૧૪૦ શહેરોમાં ૧ લાખથી વધુ ચેતક વપરાશકર્તાઓનો ગઢ ધરાવે છે. ભારતની પ્રિય ઈલેક્ટ્રિક સ્કૂટર બ્રાન્ડે હવે તેના નવા પ્રકારો વેરિએન્ટ ચેતક પ્રીમિયમ ૨૦૨૪ અને ચેતક અર્બન ૨૦૨૪ લોન્ચ કરવાની જાહેરાત કરી છે!

ચેતક પ્રીમિયમ ૨૦૨૪ અદ્યતન ડિઝાઈન અને અદ્યતન કાર્યક્ષમતા સાથે આવે છે; સ્કૂટરે ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર ગ્રાહકોને 'અર્થપૂર્ણ ટેકનોલોજી' પ્રદાન કરવાના નવા સ્તરો ખોલ્યા છે, જે તેને તેના વર્ગમાં સંપૂર્ણ લીડર બનાવે છે.

ગ્રાહકો TecPac સાથે તેમના ચેતક પ્રીમિયમ ૨૦૨૪ ની સંપૂર્ણ સંભાવનાને અનલોક કરી શકે છે, જેને ચેતક વેબસાઈટ પર ઑનલાઈન ખરીદી શકાય છે.

**અર્થપૂર્ણ ટેકનોલોજી અને એપ્લિકેશન કનેક્ટિવિટી**

નવું ચેતક હવે 5" TFT ડિસ્પ્લે સાથે ઉપલબ્ધ છે. આ ચેતક પ્રીમિયમ ૨૦૨૪ ની સૌથી નોંધપાત્ર લાક્ષણિકતાઓમાંની એક છે. નવી રજૂ કરાયેલ વૈકલ્પિક TecPac ચેતક પ્રીમિયમમાં સુવિધાઓનો બોટલોડ લાવે છે. તેની ઘણી સુવિધાઓ પૈકી, ચેતક રાઈડર્સ હવે કરી શકે છે. ટર્ન-બાય-ટર્ન (TBT) નેવિગેશન ઍક્સેસ કરો, સંગીત ચલાવો, થોભાવો અને બદલો, કૉલ ચેતવણીઓ પ્રાપ્ત કરો અને ડિસ્પ્લેની થીમને તેમની રુચિ અનુસાર વ્યક્તિગત કરો. આ વધારાની સુવિધાઓ સાથે, ચેતક પ્રીમિયમ ૨૦૨૪ એ લોકો માટે શ્રેષ્ઠ પસંદગી છે જેઓ હાઈ-ટેક, કસ્ટમાઈઝ્ડ ઈલેક્ટ્રિક સ્કૂટરનો અનુભવ જોઈએ છે.

**પરફોર્મન્સ**

નવી ચેતક ૭૩ કિમી/કલાકની ટોપ સ્પીડ ધરાવે છે; વધુમાં, એકદમ નવી 3.2 kWh બેટરી ૧૨૭ કિમીની વધેલી રેન્જને સક્ષમ કરે છે - થોડા કલાકોના ચાર્જિંગ પર પૂરતી અને વધુ! ચેતક પ્રીમિયમમાં ઓનબોર્ડ ૮૦૦ઉ ચાર્જર છે જે તમને માત્ર ૩૦ મિનિટમાં ૧૫. ૬ કિમીની રેન્જ આપી શકે છે!

TecPac એ હિલ હોલ્ડ મોડનો પણ પરિચય કરાવે છે, જે ઢોળાવ પર આત્મવિશ્વાસપૂર્ણ અને સરળ ડ્રાઈવિંગ અનુભવ સુનિશ્ચિત કરે છે, ડ્રાઈવરોને ચઢાણ પર વધુ નિયંત્રણ સાથે પ્રદાન કરે છે. ચેતક પ્રીમિયમમાં રિવર્સ મોડનો પણ સમાવેશ થાય છે, જે વપરાશકર્તાઓને કોઈપણ શારીરિક શ્રમ વિના વિના પ્રયાસે દાવપેચ કરવાની મંજૂરી આપે છે. નવા ચેતક પ્રીમિયમ સાથે પહેલા ક્યારેય ન હોય તેવી સગવડ અને આરામનો અનુભવ કરો."

### કમોસમી વરસાદીથી ખેતીના પાકને નુકસાનની ભીતી ખેડૂતો સેવી રહ્યા છે

# વાતાવરણમાં પલટો, વહેલી સવારે રાજ્યમાં વરસ્યો વરસાદ

### વહેલી સવારે ઉંમરગામ અને આસપાસના વિસ્તારમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે હળવો વરસાદ વરસ્યો હતો

। વલસાડ, તા.૯ ।

વલસાડ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે. જિલ્લામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે કેટલાક વિસ્તારોમાં છૂટોછવાયો કમોસમી વરસાદ વરસ્યો છે. વહેલી સવારે ઉંમરગામ અને આસપાસના વિસ્તારમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે હળવો વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગે પણ રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી વ્યક્ત કરી હતી. બદલાયેલા વાતાવરણથી ઠંડીના ચમકારો પણ વધારો થયો છે. કમોસમી વરસાદીથી ખેતીના પાકને નુકસાનની ભીતી ખેડૂતો સેવી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા આજે પણ રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદ થવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. આગામી ૨૪ કલાક કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે ૧૦ જાન્યુઆરીથી વાતાવરણ ફરીથી સૂકું રહે તેવી આગાહી કરવામાં આવી છે. અમદાવાદ હવામાન વિભાગના મોસમ વૈજ્ઞાનિક, રામાશ્રય યાદવે ગુજરાતમાં પાંચ દિવસ હવામાન કેવું રહેશે તે અંગે આગાહી કરી છે. તેમણે સોમવારે બપોરે આગાહી કરતા જણાવ્યુ છે કે, ૯મી તારીખે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદ થવાની શક્યતા છે. આ સાથે તેમણે જણાવ્યુ કે, મંગળવારે છૂટાછવાયા સ્થળો પર વરસાદ થવાની શક્યતા છે. આજે વલસાડ, નવસારી, ડાંગ, તાપી, નર્મદામાં હળવો વરસાદ થશે. આ સાથે સૌરાષ્ટ્રમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં વરસાદ વરસવાની શક્યતા છે. રામાશ્રય યાદવના જણાવ્યા પ્રમાણે, આગામી બે દિવસમાં તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. ત્રણ દિવસ બાદ તાપમાન બેથી ત્રણ ડિગ્રી વધી શકે છે. જેનાથી ગરમી વધશે અને ઠંડી ઘટશે. આવતી કાલથી વાતાવરણ સૂકું રહેશે તેમ પણ જણાવ્યુ છે. બીજી બાજુ, રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત છે. ૭ શહેરમાં ૧૫ ડિગ્રીથી નીચે પારો જોવા મળ્યો છે. ૯ ડિગ્રી તાપમાન સાથે નલિયા ઠંડુગાર બન્યું છે.

### પતંગરસિકોને આ ઉત્તરાયણ મોંઘી પડવાની છે

# આ વખતે પતંગમાં ૧૦૦ નંગમાં ૩૦થી ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

ગુજરાતમાં પતંગરસિકોને આ ઉત્તરાયણ મોંઘી પડવાની છે. કારણ કે, પતંગ બનાવવા માટેની લાકડી, કાગળ મોંઘા થતા મજૂરી વધી હોવાને કારણે પતંગના ભાવમાં પણ વધારો થયો છે. જ્યારે પતંગના દોરામાં નહિવત વધારો છે, તેમ છતાં ઘસામણી મોંઘી થતા સીધી અસર થશે. જોકે, બોબીનમાં ૫ ટકા જેવો ઘટાડો પણ નોંધાયો છે. ગત વર્ષે ૧૦૦ નંગ પતંગના ૩૦૦થી ૫૦૦ રૂપિયા હતા. તે હવે આ વર્ષે ૧૦૦ નંગ દીઠ ૩૦થી ૫૦ રૂપિયાનો વધારો થયો છે જેના કારણે ઉત્તરાયણ મોંઘી પડશે. ઉત્તરાયણમાં મન મૂકીને પતંગ ચગાવી આકાશને રંગબેરંગી કરતા સુરતીલાલાઓને પતંગ ખરીદવા માટે બમણા પૈસા ખર્ચવા પડશે. હાલ ઉત્તરાયણ પર્વની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. બજારોમાં અવનવા રંગેબેરંગી પતંગો જોવા મળી રહ્યા છે. જોકે, આ વખતે પતંગના ભાવમાં ગત વર્ષની સરખામણીએ ૧૫ ટકા વધારો થતાં પતંગરસિકોના ખીસા પર કાપ મુકાશે. આ સાથે જ ભાવમાં વધારો ઝીંકાતા ખરીદી ઉપર પણ અસર પડશે આ અંગે પતંગ બજારમાં ત્રણ પેઢીથી પતંગનું વેચાણ કરતા સતીશ ભાઈ પતંગવાલાએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક પર્વોમાં જોવા મળેલી સ્થિતિ પ્રમાણે ગત વર્ષની ઉત્તરાયણ કરતાં આ વર્ષની ઉત્તરાયણ સુરતીલાલાઓ માટે મોંઘી રહેશે. તેમાં છતાં અનુભવ થકી કહી શકાય છે કે પતંગમાં ભાવ વધારો થવા છતાં સુરતીલાલઓ ઉત્તરાયણ પર્વની ઉજવણીમાં કોઈ કચાશ બાકી નહીં રાખે. મોંઘા ભાવે પણ સુરતીએ ઉત્સાહભેર ઉત્તરાયણની ઉજવણી કરશે. આ વર્ષે લાકડી, કાગળ, પેટ્રી પ્રોડક્ટ, સ્ટીલ સહિતનું મટિરિયલ મોઘું થયું છે. ઉપરાંત પતંગ બનાવવાની મજૂરીના ખર્ચમાં પણ વધારો થયો છે. ગત વર્ષે ૧૦૦ નંગ પતંગના ૩૦૦થી ૫૦૦ રૂપિયા હતા. તેની સામે આ વર્ષે ૧૦૦ નંગ દીઠ ૩૦થી ૫૦ રૂપિયાનો વધારો થતા એજ વસ્તુ ૩૪૦થી ૩૫૦ અને ૫૫૦ સુધીના ભાવમાં પડી રહી છે.પતંગ બનાવવા માટે વાંસની લાકડીઓનો સૌથી વધુ ઉપયોગ થાય છે. આ વખતે વધુ વરસાદ પડવાને કારણે આ લાકડીનું ઉત્પાદન ખૂબ જ ઓછું થયું છે.

### કાઇમ બ્રાન્ચે 3 લાખ સાથે ચારને ઝડપ્યા

# ગુજરાતમાં ઘરે-ઘરે ચોરી કરતી ટોળકી કિંગ ગેન્ગ મધ્યપ્રદેશથી પકડી પાડ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

ગુજરાતમાં ખૂણે ખૂણે ચોરીની ઘટનાઓને અંજામ આપી ચૂકેલી 'કિંગ ગેન્ગ'ની ટોળકીને પોલીસે ઝડપી પાડી છે, દ્વારકા જિલ્લા ક્રાઈમ બ્રાન્ચે આંતરરાજ્ય ઘરફોડ ચોરી કરતી ટોળકીનો પર્દાફાશ કર્યો છે, જિલ્લાની ક્રાઈમ બ્રાન્ચની ટીમે મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાંથી 'કિંગ ગેન્ગ'ના ચાર સભ્યોને પકડી પાડ્યા છે. પકડાયેલી આ ટોળકી પાસેથી અંદાજિત ૩ લાખની મુદ્દામાલ જપ્ત કરવામાં આવી છે. ખાસ વાત છે કે આ 'કિંગ ગેન્ગ'ના સભ્યોની ટીમે ગુજરાતમાં ઠેર ઠેર આતંક મચાવ્યો હતો. મળતી માહિતી પ્રમાણે, ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ઘરફોડ ચોરીની ઘટનાઓને અંજામ આપી રહેલી 'કિંગ ગેન્ગ'નો પર્દાફાશ કર્યો છે, દ્વારકા જિલ્લાની ક્રાઈમ બ્રાન્ચની ટીમને આ 'કિંગ ગેન્ગ'ને પકડવામાં મોટી સફળતા મળી છે. ક્રાઈમ બ્રાન્ચે આંતરરાજ્ય ઘરફોડ ચોરી કરતી 'કિંગ ગેન્ગ'ને પકડી પાડી છે, પોલીસે આ ટોળકીને ૩,૨૩,૬૨૬ રૂપિયાના મુદ્દામાલ સાથે મધ્યપ્રદેશ રાજ્યના ધાર જિલ્લામાથી પકડી છે, આ ટોળકીના અત્યારે ૪ આરોપીઓ પકડાયા છે, જ્યારે અન્ય ૧૦ આરોપીઓની હજુ પણ શોધખોળ થઈ રહી છે. ક્રાઈમ બ્રાન્ચે આ તમામને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. કિંગ ગેન્ગ'ના પકડાયેલા આરોપીઓ ગુજરાતમાં ઠેક ઠેકાણે ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપતા હતા. આ પકડાયેલા આરોપીઓએ રાજ્યમાં દ્વારકા જિલ્લામાં ૨, જામનગર જિલ્લામાં ૫, અમરેલી જિલ્લામાં ૨, રાજકોટમાં ૧, સુરેન્દ્રનગરમાં ૨, મોરબીમાં ૧, મહારાષ્ટ્ર-પુણેમાં ૧ મળી કુલ ૧૪ ઘરફોડ ચોરી તેમજ બાઈક ચોરીની કબૂલાત કરી છે. સુરતમાંથી વધુ એક મોટા સેક્સ રેકેટનો પર્દાફાશ થયો છે, શહેરના પાલ વિસ્તારમાં ચાલતી હૉટલમાં આ ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હતી, જોકે, બાતમીના આધારે એન્ટી હ્યૂમન ટ્રાફિકિંગ યૂનિટે અચાનક દરોડાની કાર્યવાહી કરી હતી, જેમાં સમગ્ર રેકેટનો પર્દાફાશ થયો હતો, દરોડા બાદ યૂનિટે પાંચ જેટલી રૂપલલનાઓને મુક્ત કરાવી હતી, હાલમાં આ ગેરકાયદે પ્રવૃત્તિમાં બે હૉટલ મેનેજરની ધરપકડ કરવામાં આવી છે.

**વિશેષ** ખેડા જિલ્લામાં તા. ૧૦મી થી તા. ૨૦મી જાન્યુઆરી સુધી "કરૂણા અભિયાન" ચાલશે

# અધિક નિવાસી કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને "કરૂણા અભિયાન - ૨૦૨૪" અંતર્ગત આયોજન બેઠક યોજાઈ

### વન વિભાગ દ્વારા ઘાયલ પશુ-પક્ષીઓની સારવાર માટે કંટ્રોલરૂમ નં. ૦૨૬૮-૨૫૬૯૯૩૧ વોટ્સએપ હેલ્પલાઇન નંબર ૯૭૨૬૩૩૯૦૦૬ જાહેર કરવામાં આવ્યો





। (માહિતી) નડિયાદ ।

ઉત્તરાયણ પર્વ દરમિયાનમાં પતંગ દોરી દ્વારા પક્ષીઓને થતી ઈજાઓ નિવારવા અને ઈજા પામેલ પક્ષીઓને ત્વરીત સારવાર મળી રહે તે હેતુસર ખેડા જિલ્લા વનવિભાગ દ્વારા દર વર્ષે કરૂણા અભિયાન ચલાવવામાં આવે છે. જેને અનુલક્ષીને આ વર્ષે પણ તા.૧૦ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન કરૂણા અભિયાન યોજાશે. પતંગદોરીથી પક્ષીઓને થતી ઈજાઓ ટાળવા તથા ઈજાગ્રસ્ત પશુ પક્ષીઓને ત્વરિત સારવાર આપીને બચાવવા માટે વિવિધ તાબાના પરિક્ષેત્ર વન અધિકારીશ્રીઓ, તાલુકા કક્ષાએ પશુચિકિત્સક કેન્દ્રો અને બિન-સરકારી સંસ્થાઓ સાથે અધિક નિવાસી કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને "કરૂણા અભિયાન-૨૦૨૪" અંતર્ગત આયોજન બેઠક યોજાઈ હતી.

કરૂણા અભિયાનનું મહત્વ સમજાવતા અધિક નિવાસી કલેક્ટર શ્રી બી. કે. જોશીએ કહ્યું હતું કે પતંગની દોરીથી ઈજા પામેલ/ઘાયલ પશુ-પક્ષીઓને સારવાર કેન્દ્ર ઉપર પહોંચાડવું પુણ્યનું કાર્ય છે જેમાં અધિકારીઓ, કર્મચારીઓ અને નાગરિકોએ સાથે મળી પ્રયાસો કરવા જરૂરી છે. ઉપરાંત વન વિભાગ દ્વારા પક્ષીઓની સારવાર માટે કંટ્રોલરૂમ નં.:-૦૨૬૮-૨૫૬૯૯૩૧, વોટ્સએપ હેલ્પલાઈન નંબર:-૯૭૨૬૩૩૯૦૦૬ જાહેર કરવામાં આવ્યો છે. વધુમાં પશુ-પક્ષીઓની સારવાર માટે ૧૯૬૨ ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર પણ કાર્યરત છે.

બેઠક અંતર્ગત કરૂણા અભિયાન સંદર્ભે વન વિભાગની ઉપલબ્ધ સુવિધાઓની જાણકારી આપતા નાયબ વન સંરક્ષકશ્રી રૂપક સોલંકીએ જણાવ્યું હતું કે જિલ્લા ખાતે ૧ કન્ટ્રોલરૂમ; ૮ કલેક્શન સેન્ટર; ૧૧ એનિમલ હસ્બેન્ડરી; ફોરેસ્ટ સ્ટાફ અંતર્ગત ૭ આર.એફ.ઓ., ૬ ફોરેસ્ટર, ૧૯ બીટગાર્ડ, ૩૬ પરમેનન્ટ લેબર અને ૧૨ અન્ય લેબર; વેટરનરી સ્ટાફ અંતર્ગત ૧૦ વેટરનરી ડોકટર અને ૧૫ લાઈવસ્ટોક ઈન્સ્પેક્ટર, ૧૨ એન.જી.ઓ, ૬૯ એન.જી.ઓ., વોલન્ટીયર, નડિયાદ અને માતર ખાતે ૧-૧ ફોર વ્હીલર વાહન, ૧૦ મોટર બાઈક, ૧૨ પાંજરા, ૧૦૦ પ્લાસ્ટિક બકેટ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત પશુપાલન શાખાની ઉપલબ્ધ સુવિધાઓ અંગે પશુપાલન નિયામકશ્રીએ જણાવ્યું હતું કે જિલ્લા ખાતે ૧૦ વેટરનરી ડૉકટરો, ૧૫ લાઈવસ્ટોક ઈન્સ્પેકટર, ૧૭ વેટરનરી હોસ્પીટલ, ૧૮ ફસ્ટ એઈડ વેટરનરી ડીસ્પેન્સરી, નડીઆદ તાલુકાના સલુણ ખાતે ૧ વેટરનરી પોલીક્લીનીક, ૧૯૬૨-ઈમ્રી દ્વારા સંચાલિત ૭ મોબાઈલ વેટરનરી ડીસ્પેન્સરી (ટોલ ફ્રી સંપર્ક નં.-૧૯૬૨), નડીઆદ ખાતે ૧૯૬૨-ઈમ્રી દ્વારા સંચાલિત ૦૧ કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ વાન (ટોલ ફ્રી સંપર્ક નં.-૧૯૬૨), ૨૦ ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના ઉપકેન્દ્ર, ૩ ઘનિષ્ટ પશુ સુધારણા યોજના ઉપકેન્દ્ર તથા ૦૩ ઘનિષ્ટ મરઘા વિકાસ ઘટક પ્રાથમિક કેન્દ્ર ઉપલબ્ધ છે.

તદઉપરાંત, પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, નડીઆદ/ વસો માટે સંપર્ક નં.:-૯૪૨૮૧૬૬૫૯૫, પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, ખેડા માટે સંપર્ક નં.:-૯૬૦૧૮૭૯૧૨૨, પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, માતર માટે સંપર્ક નં.:-૯૪૨૮૧૬૬૫૯૫, પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, મહેમદાવાદ માટે સંપર્ક નં.:-૮૭૮૦૫૧૪૯૫૭, પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, મહુધા માટે સંપર્ક નં.:-૯૬૬૨૭૦૯૫૯૮, પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, કઠલાલ માટે સંપર્ક નં.:-૭૫૭૪૯૫૧૨૦૪, પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, કપડવંજ માટે સંપર્ક નં.:-૭૫૭૪૯૫૧૨૦૫, પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, ઠાસરા/ ગળતેશ્વર માટે સંપર્ક નં.:-૯૩૨૭૧૦૮૮૭૬, તાલુકા પશુ ચિકિત્સા કેન્દ્ર નડીઆદ માટે સંપર્ક નં:-૯૮૨૫૪૬૨૨૩૭, સલુણ માટે સંપર્ક નં.:-૯૯૨૫૦૦૬૦૩૯, તાલુકા પશુ ચિકિત્સા કેન્દ્ર વસો માટે સંપર્ક નં.:-૮૮૪૯૦૯૪૫૮૪ તાલુકા પશુ ચિકિત્સા કેન્દ્ર ખેડા માટે સંપર્ક નં:-૯૯૦૯૦૦૮૬૩૧, તાલુકા પશુ ચિકિત્સા કેન્દ્ર માતર માટે સંપર્ક નં.:-૯૮૨૫૪૪૨૩૬૪, તાલુકા પશુ ચિકિત્સા કેન્દ્ર મહેમદાવાદ માટે સંપર્ક નં.:-૮૩૪૭૩૨૪૧૩૩, તાલુકા પશુ ચિકિત્સા કેન્દ્ર મહુધા માટે સંપર્ક નં:-૯૯૨૫૨૪૬૮૨૮, તાલુકા પશુ ચિકિત્સા કેન્દ્ર કઠલાલ માટે સંપર્ક નં.:-૯૯૭૯૩૦૦૫૨૩, તાલુકા પશુ ચિકિત્સા કેન્દ્ર કપડવંજ માટે સંપર્ક નં.:-૮૪૦૧૩૯૭૮૬૭, તાલુકા પશુ ચિકિત્સા કેન્દ્ર ઠાસરા માટે સંપર્ક નં.:-૯૪૨૮૯૭૯૧૪૫, તાલુકા પશુ ચિકિત્સા કેન્દ્ર ગળતેશ્વર માટે સંપર્ક નં.:-૭૦૪૬૫૮૪૦૪૧ નો સંપર્ક સાધી શકાશે તેમ નડીઆદ જિલ્લાના નાગરિકોને નાયબ વન સંરક્ષકશ્રી, નડીઆદ તરફથી જાહેર અનુરોધ કરાયો છે.

આ બેઠકમાં નાયબ વન સંરક્ષકશ્રી, પશુપાલન અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ફાયર બ્રિગેડ ચીફ ઓફીસરશ્રી, ૧૯૬૨ એમ્બ્યુલન્સનો સ્ટાફ સહિત વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

### રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ બેડમિન્ટનના સ્ટાર ખેલાડી ચિરાગ શેટ્ટી અને રંકીરેડ્ડી સાત્વિક સાઈ રાજને ખેલ રત્ન એવોર્ડથી સન્માનિત કર્યો

# મોહમ્મદ શમી સહિત ૨૬ ખેલાડીને અર્જુન એવોર્ડ એનાયત



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં એક ઔપચારિક સમારંભમાં વાર્ષિક રાષ્ટ્રીય રમત પુરસ્કાર એનાયત કર્યા હતા. બેડમિન્ટનના સ્ટાર ખેલાડી ચિરાગ શેટ્ટી અને રંકીરેડ્ડી સાત્વિક સાઈ રાજને ખેલ રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા તો બીજી તરફ ભારતીય ટીમના સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમી સહિત ૨૬ ખેલાડીઓને અર્જુન એવોર્ડ આપવામાં આવ્યો હતો. એવોર્ડ મેળવનાર તમામ ખેલાડીઓની યાદી નીચે મુજબ છે.

**ન્યૂઝ બ્રિફ**

## કારમા પરાજયને લીધે દિલ્હીના સુકાનીપદેથી યશ ધૂલેની હકાલપટ્ટી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

રણજી ટ્રોફી ૨૦૨૪ની શરૂઆતની મેચમાં ગઈકાલે દિલ્હીની ટીમને પુડુચેરી સામે ૯ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ કારમી હારનો ભોગ બન્યાના કલાક બાદ જ યશ ધૂલને સુકાનીપદથી હટાવી દેવામાં આવ્યો હતો. સિનિયર બેટ્સમેન હિંમત સિંહ હવે ૧૨ જાન્યુઆરીથી જમ્મૂ-કાશ્મીર સામે રમાનાર મેચમાં દિલ્હીની કેપ્ટનશીપ સંભાળશે. દિલ્હી અને ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન (ડીડીસીએ)ના સંયુક્ત સચિવ રાજન મનચંદાએ જણાવ્યું હતું કે, યશ પ્રતિભાશાળી ખેલાડી છે પરંતુ અત્યારે ફોર્મમાં નથી. અમે ઈચ્છીએ છીએ કે તે બેટ્સમેન તરીકે સારું પ્રદર્શન કરે અને તેથી અમે તેને કેપ્ટનશીપના બોજમાંથી મુક્ત કર્યો. હિંમત અમારો સિનિયર ખેલાડી છે અને તેણે ટીમ માટે સારું પ્રદર્શન કર્યું છે. તે ટીમનો કેપ્ટન રહેશે. ગયા વર્ષે યશની ગેરહાજરીમાં હિંમતના નેતૃત્વમાં દિલ્હીની ટીમે મુંબઈ સામે મોટી જીત મેળવી હતી.

## કોંગ્રેસે અત્યારથી જ ઈવીએમની ચિંતાનો રાગ આલાપ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

વિપક્ષી દળોનું ગઠબંધન ઈન્ડિયાએલાયન્સ હજી સુધી સીટ સેરિંગની ફોર્મ્યુલા તો શોધી શક્યું નથી. તે પહેલા જ તેને ઈવીએમ અંગેની ચિંતા સતાવે છે. કોંગ્રેસે અત્યારથી જ તે અંગે રાગમાં લાવ્યાો છે. કોંગ્રેસ મહામંત્રી જયરામ રમેશે ઈવીએમ અંગે ચુંટણી પંચે આપેલા લેખિત જવાબ સંદર્ભે કહ્યું હતું કે વીવીપી-૨ અને ઈવીએમના પ્રશ્નો માત્ર કોંગ્રેસના જ નથી તમામ પક્ષોના છે. વાસ્તવમાં કોંગ્રેસે ઈવીએમ અને વીવીપીએટી અંગે ચિંતા વ્યક્ત કરતો ચુંટણી પંચને પત્ર લખ્યો હતો. જેનો ચુંટણી પંચે સ્પષ્ટ જણાવી આપતા જણાવ્યું હતું કે વીવીપીએટી કે ઈવીએમમાં કોઈ ગોલમાલ થવાની સંભાવના જ નથી.

### અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી!

# માલદીવમાં રાજકીય ભૂકંપ રાષ્ટ્રપતિને હટાવવાની માંગ

### વિપક્ષનો આરોપ છે કે રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ ભારત સાથેના વિવાદ દરમિયાન દેશનું સન્માન નથી બચાવ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।



માલદીવમાં રાજકીય વાવાઝોડું ઊભું થયું છે. સંસદમાં વિરોધ પક્ષોના નેતા અલી અઝીમે રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુને પદ પરથી હટાવવાની માંગ ઉઠાવી છે. વિપક્ષનો આરોપ છે કે રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ ભારત સાથેના વિવાદ દરમિયાન દેશનું સન્માન નથી બચાવ્યું અને ન તો તેમણે કટોકટીનો અસરકારક રીતે ઉકેલ લાવી દીધો. થોડા દિવસો પહેલા માલદીવની એક મંત્રી મરિયમ શિયુનાએ સોશિયલ મીડિયા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરી હતી. આ પછી ભારતે નારાજગી વ્યક્ત કરી અને કડક પગલાં લીધા. જોકે માલદીવ સરકારે મંત્રીને સસ્પેન્ડ કરી દીધા હતા, પરંતુ વિપક્ષને આ પૂરતું ન લાગ્યું. અલી અઝીમે આરોપ લગાવ્યો કે રાષ્ટ્રપતિએ સમગ્ર ઘટનાને સંભાળવામાં શિથિલતા અને નબળાઈ દર્શાવી, જેનાથી ભારત સાથેના સંબંધો બગડ્યા છે. અલી અઝીમે સંસદમાં જાહેરાત કરી છે કે વિપક્ષી પાર્ટી અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહી છે. તેમણે દેશના અન્ય સાંસદોને રાષ્ટ્રપતિ વિરુદ્ધ એક થવા હાકલ કરી હતી. જો અવિશ્વાસ પ્રસ્તાવ સફળ થશે તો માલદીવમાં રાજકીય સત્તા પરિવર્તનની સંભાવના છે. આ રાજકીય તોફાન માલદીવની અર્થવ્યવસ્થાને પણ અસર કરી શકે છે. ઉલ્લેખનીય છે કે માલદીવનો પ્રવાસન ઉદ્યોગ મોટાભાગે ભારતીય પ્રવાસીઓ પર નિર્ભર છે. વિવાદ પછી, ઘણા ભારતીયોએ સોશિયલ મીડિયા પર માલદીવનો બહિષ્કાર કરવાની હાકલ કરી છે, જેનાથી પ્રવાસન ક્ષેત્ર પર દબાણ વધી શકે છે. અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાના વિપક્ષના પ્રયાસો સફળ થશે કે નહીં તે હજુ નક્કી નથી. હાલ માલદીવના રાજકારણમાં અનિશ્ચિતતાનું વાતાવરણ છે. તે જોવાનું રસપ્રદ રહેશે કે રાષ્ટ્રપતિ સોલિહ આ સંકટને કેવી રીતે ઉકેલે છે અને તેઓ ભારત સાથેના સંબંધો સુધારવા માટે શું પગલાં લે છે. શ્રીલંકા અને પાકિસ્તાન પછી હવે માલદીવ બનશે ચીનનો નવો શિકાર કારણ કે માલદીવનો ચીન પ્રત્યેનો પ્રેમ અવાર-નવાર દેખાઈ રહ્યો છે. પરંતુ આ પ્રેમ માલદીવને ગરીબીના રસ્તે છોડી દેશે.

### ગાઝાપટ્ટીમાં હમાસના સ્થાનો પર ઈઝરાયેલના ફરી હુમલા

# ગાઝાની સૌથી મોટી હોસ્પિટલ પર હુમલામાં ૬૦૦થી વધુ લાપતા

### આ હુમલાથી બહુ મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હોવાનું પણ જાણવા મળ્યું છે, તે સામે ઈલાજ કરનારાઓની સંખ્યા ઘણી જ ઘટી ગઈ

। (એજન્સી) તેલઅવીવ, તા.૯ ।



ઈઝરાયલે ફરી હમાસના સ્થાનો પર ગાઝાપટ્ટીમાં જોરદાર હુમલા શરૂ કર્યા છે. તેનું કહેવું છે કે તેણે હમાસના કમાન્ડ સેન્ટરને પુરેપુરું ધ્વસ્ત કરી નાખ્યું છે અને ઉત્તર ગાઝામાં હમાસનું નેટવર્ક ધ્વસ્ત કરી નાખ્યું છે. ઈઝરાયલી સેનાએ ગાઝાની સૌથી મોટી હોસ્પિટલ ''અલ-સીફસા-માર્ટ્સ'' હોસ્પિટલ ઉપર ફરી જોરદાર હુમલા કર્યા છે. તેનું કહેવું છે કે હમાસ આતંકવાદીઓ આ હોસ્પિટલમાં આશ્રય લઈ રહ્યા છે.

અલ-જજીરાના રીપોર્ટ પ્રમાણે આ હુમલામાં ૧૦૦ થી વધુ લોકો લાપત્તા થયા પરંતુ ડબલ્યુએચઓ અને યુએનના આજના (સોમવાર) રીપોર્ટ પ્રમાણે તે હોસ્પિટલના મેડીકલ અને પેરામેડીકલ સ્ટાફ તથા ૬૦૦ દર્દીઓ ''ગાયબ'' થઈ ગયા છે. તેમનો પત્તો લાગતો નથી. જોકે આ હુમલાથી બહુ મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હોવાનું પણ જાણવા મળ્યું છે. તે સામે ઈલાજ કરનારાઓની સંખ્યા ઘણી જ ઘટી ગઈ છે. હોસ્પિટલના ડાયરેકટરનું કહેવું છે કે ઓછામાં ઓછા ૬૦૦ દર્દીઓ અને હેલ્થ વર્ક્સને હોસ્પિટલ છોડાવી પડી છે. આમ છતાં નવા દર્દીઓ આવતા જ જાય છે. દરેક મીનીટે આવતા જાય છે.

હુમલા કરતા પહેલા અમે તે સમગ્ર વિસ્તાર ખાલી કરવા ચેતવણી આપી જ હતી. તેમ ઈઝરાયલનું કહેવું છે. અત્યારે તો ત્યાં પરિસ્થિતિ તેવી છે કે સેંકડો દર્દીઓને તપાસવા માટે માત્ર એક કે બે જ તબીબો રહ્યા છે. હોસ્પિટલ માત્ર ૩૦ ટકા સ્ટાફથી કામ કરે છે. 'હુ'ના ડાયરેકટર જનરલે કહ્યું કે હોસ્પિટલની હાલત ઘણી જ ખરાબ છે. ફર્શ ઉપર લોહી રેલાઈ રહ્યું છે દર્દીઓ પડયા છે. તેમને ડોકટરો સુધી પહોંચાડવા પણ મુશ્કેલ છે.

ઈઝરાયલ વૈશ્વિક દબાણની પણ પરવાહ કર્યા સિવાય સતત રહેણાકના વિસ્તારો ઉપર પણ હુમલા કરી રહ્યું છે. ગાંઝાનું આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે હજી સુધીમાં ૨૨૭૨૨ ના મૃત્યુ થયા છે. જેમાં મહદ્અંશે મહિલાઓ અને બાળકો છે. ઈઝરાયલ કહે છે કે તે હમાસના કેન્દ્રોને જ નિશાન બનાવે છે. હમાસના કમાન્ડરો હોસ્પિટલોમાં છુપાયા છે. તે ઉપરાંત તેમનું સુરંગ નેટવર્ક ઘણું મોટું છે.



ભારતીય નૌકાદળના ફાસ્ટ એટેક ક્રાફ્ટ આઈએનએસ કાબ્રાનું શ્રીલંકાના કોલંબોમાં આગમન પર સ્વાગત કરવામાં આવ્યું હતું.

### લક્ષદ્વીપ મુદ્દે ભડકો કરનાર કોણ છે

# રાજકીય વિશ્લેષક રોશન સિંહાની એક ટ્વીટથી માલદીવ્સના મંત્રીઓના પેટમાં તેલ રેડાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લક્ષદ્વીપની મુલાકાત લીધી અને સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરી. આ તસવીરો અને પીએમ મોદીની મુલાકાતને ભારતમાં ડોમેસ્ટિક ટુરીઝમને પ્રોત્સાહન આપવાનું પગલું માનવામાં આવતું હતું. દરમિયાન, એક ભૂતપૂર્વ વપરાશકર્તા શ્રી સિંહાએ કંઈક લખ્યું જેણે સોશિયલ મીડિયા પર યુદ્ધ શરૂ કર્યું. આ લડાઈમાં કૂદી પડેલા માલદીવના એક, બે નહીં પરંતુ ત્રણ મંત્રીઓને બરતરફ કરવામાં આવ્યા હતા. માલદીવની સરકારે સ્પષ્ટતા આપવી પડી, છતાં ભારતીયોએ માલદીવનો બહિષ્કાર કર્યો છે અને લોકો માલદીવની સરકારને ભારત વિરોધી ગણાવી રહ્યા છે. તો આ શ્રી સિંહા કોણ છે? જેની ટ્વીટ પર આટલો મોટો હોબાળો થયો હતો. ખરેખર, શ્રી સિંહાનું પૂરું નામ રોશન સિંહા છે અને તેઓ રાજકીય વિશ્લેષક છે. તેણે સોશિયલ મીડિયા સાઈટ એક્સપર પીએમ મોદીનો એક વીડિયો શેર કર્યો હતો. લક્ષદ્વીપમાં પ્રવાસન વધારવાની પીએમ મોદીની અપીલને રી-ટ્વીટ કરતા સિંહાએ માલદીવની સરકારને ચીનની કઠપૂતળી સરકાર ગણાવી હતી. તેણે લખ્યું, કેટલું સરસ પગલું! માલદીવની નવી ચીનની કઠપૂતળી સરકાર માટે આ મોટો ફટકો છે. ઉપરાંત, તેનાથી લક્ષદ્વીપમાં પ્રવાસનને વેગ મળશે. આ પોસ્ટથી માલદીવના યુવા સશક્તિકરણ, માહિતી અને કલાના નાયબ મંત્રી મરિયમ શિયુના નારાજ થઈ ગયા. સિન્હાની પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા માલદીવના નેતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'જોકર' અને 'ઈઝરાયલની કઠપૂતળી' ગણાવ્યા હતા.

### બજારમાં ઊંચા સ્તરેથી વેચવાલીએ સૂચકાંકોએ પ્રારંભિક લાભ છોડ્યો

# સેન્સેક્સમાં ૩૧ અને નિફ્ટીમાં ૩૨ પોઈન્ટનો વધારો નોંધાયો

### નિફ્ટી મેટલ ઈન્ડેક્સ આજે ૦.૮૦ ટકા વધ્યો, આઈટી ઈન્ડેક્સ ૦.૪૩ ટકા વધ્યો, ઓટો ઇન્ડેક્સ મહત્તમ ૦.૯૨ ટકાના વધારા સાથે બંધ થયો

। (એજન્સી) મુંબઈ, તા.૯ ।



બજારમાં ઊંચા સ્તરોથી વેચવાલી થઈ હતી અને બેન્ચમાર્ક સૂચકાંકોએ તેમનો પ્રારંભિક લાભ છોડી દીધો હતો. બજારો લીલા રંગમાં બંધ થયા હોવા છતાં, તેઓ ફરી એકવાર ઉચ્ચ સ્તરે પ્રોફિટ બુકિંગનો શિકાર બન્યા હતા. ભારતીય શેરબજારોમાં મંગળવારે મોટું ગેપ અપ ઓપનિંગ થયું હતું અને ગઈકાલના ઘટાડા બાદ આ ગેપ અપ ઓપનિંગ બપોર સુધી જળવાઈ રહી હતી. બપોરે ૨ વાગ્યા પછી, બજારમાં ઉચ્ચ સ્તરેથી વેચવાલી જોવા મળી હતી અને બેન્ચમાર્ક ઈન્ડેક્સે તેનો પ્રારંભિક લાભ ગુમાવ્યો હતો. બજારો લીલા રંગમાં બંધ થયા હોવા છતાં, તેઓ ફરી એકવાર ઉચ્ચ સ્તરે પ્રોફિટ બુકિંગનો શિકાર બન્યા હતા. બીએસઈનો સેન્સેક્સ ૩૧ પોઈન્ટના વધારા સાથે ૭૧૩૮૬ ના સ્તર પર બંધ થયો હતો જ્યારે એનએસઈનો નિફ્ટી ૩૨ પોઈન્ટના વધારા સાથે ૨૧૫૪૪ ના સ્તર પર બંધ થયો હતો. સેન્સેક્સ દિવસના ઉચ્ચ સ્તરેથી ૬૫૦ પોઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો. જો કે સેન્સેક્સ હજુ પણ ૩૧ પોઈન્ટ વધીને બંધ રહ્યો હતો, પરંતુ એક સમયે સેન્સેક્સ ૭૨૦૩૫ની ઊંચી સપાટીએ ટ્રેડ થઈ રહ્યો હતો. એ જ રીતે નિફ્ટીએ આજે ૨૧૭૨૪ ની ઊંચી સપાટી બનાવી હતી, પરંતુ આ વધારો ટકી શક્યો ન હતો. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ આજે ૦.૮૦ ટકા વધ્યો, આઈટી ઈન્ડેક્સ ૦.૪૩ ટકા વધ્યો. ઑટો ઈન્ડેક્સ મહત્તમ ૦.૯૨ ટકાના વધારા સાથે બંધ થયો હતો. આ ઉપરાંત ઈન્ફ્રા સેક્ટર અને એનર્જી સેક્ટરના શેર પણ ગ્રોથમાં રહ્યા હતા. બેક્કિંગ સેક્ટર અને એફએમસીજી સેક્ટરમાં આજે વેચવાલીનું દબાણ હતું. આજના માર્કેટમાં ઓટો પેકે સારું પ્રદર્શન કર્યું અને હીરોમોટોકોર્પ ૨.૮૮ ટકા વધ્યો.

## જાપાનમાં ફરી એક વખત ૬ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

વિનાશક ભૂકંપ બાદ જાપાનની ધરા ફરી એક વખત ભૂકંપના આંચકાથી ધણધણી ઉઠી છે. જીએફઝેડજર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સે જણાવ્યું હતું કે, મંગળવારે જાપાનના હોન્શુના પશ્ચિમ કાંઠે રિક્ટર સ્કેલ પર ૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જો કે ભૂકંપ બાદ હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. આ અગાઉ રવિવારે ૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ વર્ષની શરૂઆત જાપાન માટે સારી નથી રહી. નવા વર્ષના પ્રથમ દિવસે જ વિનાશક ભૂકંપ બાદ સુનામીની ચેતવણી આપવામાં આવી હતી. નવા વર્ષના પ્રથમ દિવસે જ જાપાનમાં વિનાશક ભૂકંપ આવ્યો હતો. ૭.૬ની તીવ્રતા વાળા ભૂકંપે દેશભરમાં તબાહી મચાવી દીધી હતી. સુનામીનું એલર્ટ આપવામાં આવ્યું હતું અને આ સાથે જ આગામી સમયમાં વધુ ભૂકંપ આવવાની આશંકા વ્યક્ત કરી હતી.

### ફૂટબોલ જગતમાંથી એક માઠા સમાચાર

# જર્મનીના મહાન ફૂટબોલર ફ્રાન્ઝ બેકનબાઉરનું ૭૮ વર્ષની વયે નિધન

### ખેલાડી અને કોચ તરીકે બેકનબાઉરે જર્મનીને ૨ વખત વિશ્વ વિજેતા બનાવ્યું, ૧૯૭૪માં પશ્ચિમ જર્મની વિશ્વ વિજેતા બન્યું ત્યારે તેઓ ટીમના કેપ્ટન હતા

। (એજન્સી) બર્લિન, તા.૯ ।



ફૂટબોલ જગતથી એક માઠા સમાચાર સામે આવ્યા છે. જર્મનીના મહાન ફૂટબોલર ફ્રાન્ઝ બેકનબાઉરનું રવિવારના રોજ ૭૮ વર્ષની ઉંમરે અવસાન થયું હતું. તેઓએ ખેલાડી અને કોચ તરીકે જર્મનીને ૨ વખત વિશ્વ વિજેતા બનાવ્યું હતું.

વર્ષ ૧૯૭૪માં પશ્ચિમ જર્મની જયારે વિશ્વ વિજેતા બન્યું ત્યારે તે ટીમના કેપ્ટન હતા અને વર્ષ ૧૯૯૦માં જર્મની લોથાર મથાયસની કેપ્ટનશીપમાં વર્લ્ડ ચેમ્પિયન બન્યું ત્યારે તે ટીમના મેનેજર હતા.ફૂટબોલ અને મેનેજર તરીકે બેકનબાઉર જર્મની સાથે ૫ વર્લ્ડકપમાં હતા જેમાંથી ચારમાં પશ્ચિમ જર્મની ફાઈનલમાં પહોંચ્યું જયારે ૨ વખત ચેમ્પિયન બન્યું હતું. તેઓએ વર્ષ ૧૯૭૨માં પશ્ચિમ જર્મની સાથે યૂરોપિયન ચેમ્પિયનશીપ પણ જીતી હતી. બેકનબાઉરે પોતાના કરિયરમાં પશ્ચિમ જર્મની માટે ૧૦૪ કેપ્સ અને બેયર્ન મ્યુનિક માટે ૪૦૦ થી વધુ કેપ્સ જીતી હતી. બેકનબાઉર ૧૯૬૪ અને ૧૯૭૭ વચ્ચે બાવેરિયન ક્લબ માટે રમ્યા હતા. આ ૧૩ વર્ષોમાં, ૧૯૭૩-૭૪, ૧૯૭૪-૭૫ અને ૧૯૭૫-૭૬માં તે બેયર્ન ટીમનો ભાગ હતા જેણે સતત ત્રણ વખત યુરોપિયન કપ ટાઈટલ જીતી હતી, જે હવે યુઈએફએચેમ્પિયન્સ લીગ તરીકે ઓળખાય છે. તેઓએ વર્ષ ૧૯૬૬-૬૭માં એક ઈન્ટરકોન્ટિનેન્ટલ કપ અને એક યુરોપિયન કપ સાથે પાંચ જર્મન લીગ ટાઈટલ અને પાંચ જર્મન કપ પણ જીત્યા હતા.વર્ષ ૧૯૮૪માં જયારે તે ફૂટબોલમાંથી નિવૃત્ત થયા ત્યારે તેમને પશ્ચિમ જર્મની ટીમના કોચ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તેમનાં માર્ગદર્શન હેઠળ પશ્ચિમ જર્મનીવર્ષ ૧૯૮૬ના વર્લ્ડકપની ફાઈનલમાં પહોંચી હતી.

## તંત્રી લેખ...

# ભારત માટે રાજનૈતિક રીતે લક્ષદ્વીપ ખૂબ જ મહત્વનું સ્થળ

તાજેતરમાં વડાપ્રધાન મોદીએ લક્ષદ્વીપની મુલાકાત લીધી હતી. ત્યારપછી તેમણે આ પ્રવાસની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. આ સાથે તેમણે ભારતીયોને આ ટાપુની મુલાકાત લેવાનું પ્લાનિંગ કરવા અપીલ પણ કરી હતી. મૈસુરના ટીપુ સુલતાન પણ લક્ષદ્વીપના મિનિકોય ભાગ પર શાસન કરતા હતા. ૧૭૯૯માં ટીપુની હત્યા બાદ આ ટાપુ બ્રિટિશ શાસન હેઠળ આવી ગયું હતું. ભારતનો ધ્વજ લહેરાવ્યા બાદ તેને વર્ષ ૧૯૫૬માં કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો મળ્યો. ભાષાના આધારે, તે અગાઉ ભારતના મદ્રાસ રેસિડેન્સી સાથે જોડાયેલું હતું કારણ કે ટાપુ પરના મોટાભાગના લોકો દક્ષિણ ભાષાઓ બોલતા હતા. વર્ષ ૧૯૭૧માં, લક્કાદીવ-મિનિકોય-અમિનીદિવિ માંથી આ ટાપુઓનું સંયુક્ત નામ લક્ષદ્વીપ કર્યું. લક્ષદ્વીપનો સૌપ્રથમ ઉલ્લેખ ગ્રીક વિચરતી જાતીઓએ કર્યો હતો. તેમણે આ ટાપુને ખૂબ જ સુંદર અને અસ્પૃશ્ય ગણાવતા કહ્યું કે દરિયાઈ કાચબાનો શિકાર ત્યાં સરળતાથી કરી શકાય છે. સાતમી સદીની આસપાસ, ખ્રિસ્તી મિશનરીઓ અને આરબ વેપારીઓ બંને અહીં આવવા લાગ્યા, જેથી લક્ષદ્વીપમાં ધાર્મિક રંગ બદલાવા લાગ્યો. આ પહેલા અહીં બૌદ્ધ અને હિન્દુઓની વસ્તી હતી. ૧૧મી સદીમાં ડેમોગ્રાફી બદલાઈ ગઈ અને મોટાભાગના લોકોએ ઈસ્લામ અપનાવ્યો. હાલમાં અહીં ૯૫ ટકા વસ્તી મુસ્લિમ છે. ભારત માટે રાજનૈતિક રીતે લક્ષદ્વીપ ખૂબ જ મહત્વનું સ્થળ છે. લક્ષદ્વીપની રાજધાની કવરત્તીમાં ભારતીય સેનાનું બેઝ છે. જો ચીન સાથે ભારતની તણાવની સ્થિતિ સર્જાય તો લક્ષદ્વીપ ઘણું મદદરૂપ સાબિત થાય એમ છે. આ ઉપરાંત યુનાઈટેડ નેશન્સ લો ઓફ સી કન્વેન્શન મુજબ કોઈપણ દેશના સમુદ્ર તટથી ૨૨ કિમીનો વિસ્તાર તે દેશના અધિકારમાં આવે છે. જેના કારણે ભારતને હિંદ તેમજ પ્રશાંત મહાસાગરમાં વધુ જગ્યાનો પણ હક મળી રહે છે. લક્ષદ્વીપ માત્ર સેના બાબતે જ નહિ પરંતુ સમુદ્ર માર્ગે થતા વેપાર માટે પણ ખૂબ જ મહત્વ ધરાવે છે. લક્ષદ્વીપ ભારતનો ભાગ હોવા છતાં પણ અહીં જવા માટે ભારતીયોને પરમિટની જરૂર પડે છે. ટાપુ પરની ૯૫% વસ્તી એસટીછે. આથી લક્ષદ્વીપ ટુરીઝમની વેબસાઈટ અનુસાર, આ ત્યાં હાજર આદિવાસી જૂથની સુરક્ષા અને તેમની સંસ્કૃતિને બચાવવા માટે કરવામાં આવી રહ્યું છે. લક્ષદ્વીપના કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટ મુજબ લક્ષદ્વીપમાં સૈન્યના કર્મચારીઓ, તેમના પરિવારો અને સરકારી અધિકારીઓને જ આ પરમિટમાં છૂટ મળે છે. આ માટે એક ફોર્મ ભરવાનું રહેશે, જેની ફી ૫૦ રૂપિયા છે. આ સિવાય આઈડીઅને પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટની કોપી જરૂરી છે.

## વિઠ્ઠલપુર ખંભાળીયા ખાતે નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો

### ઉજ્જવલા યોજના, નલ સે જલ યોજના ઘર ઘર સુધી પહોંચી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી વિકાસ છેવાડાના માનવી સુધી પહોંચી રહ્યો છે : નાયબ મુખ્ય દંડકશ્રી



। (માહિતી) અમરેલી ।

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત સોમવારે અમરેલી જિલ્લાના વિઠ્ઠલપુર ખંભાળીયા મુકામે યોજાયેલા કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના લાભાર્થીઓ સાથેના સંવાદનું જીવંત પ્રસારણ યોજાયું હતું. નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને સાંસદશ્રી નારણભાઈ કાછડીયા અને જિલ્લા કલેક્ટરશ્રી તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને મહિલાઓનું સન્માન, લાભાર્થીઓને કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી, કૌશિકભાઈ વેકરીયાએ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ આયુષમાન ભારત, ઉજ્જવલા યોજના, નલ સે જલ, પી.એમ. વિશ્વકર્મા, કિસાન ક્રેડિટ કાર્ડ વગેરે દ્વારા સમાજમાં આવી રહેલા આર્થિક સામાજિક પરિવર્તનની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના રૂ. ૦૫ લાખના અનુદાન અને રાજ્ય સરકારના રૂ. ૦૫ લાખના અનુદાન દ્વારા લાભાર્થીઓની રૂ. ૧૦ લાખનું સુરક્ષા કવચ આયુષમાન કાર્ડ દ્વારા મળી રહ્યુ છે. દેશના સુખી સંપન્ન વ્યક્તિ જે હૉસ્પિટલમાં સારવાર કરાવી શકે એ જ હૉસ્પિટલમાં આયુષમાન કાર્ડ ધારકને પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની યોજનાના કારણે સારવાર શક્ય બની છે.

તેમણે ઉમેર્યુ કે પી.એમ. વિશ્વકર્મા યોજના દ્વારા કારીગરોના હૂનરને તક આપવામાં આવી છે. જેમાં ૦૧-૦૩ લાખ રૂપિયાની લોન નજીવા વ્યાજદરે અને તાલીમ દ્વારા સ્કિલ ડેવલપમેન્ટનું કામ કરવામાં આવી રહ્યુ છે. ઉજ્જવલા યોજના અંતર્ગત દેશમાં ૧૦ કરોડ જેટલા ગેસ કનેક્શન આપી પ્રધાનમંત્રીશ્રીએ બહેનોને ચૂલાના ધુમાડાથી થતી સ્વાસ્થ્ય સમસ્યાઓમાંથી મુક્તિ અપાવી છે. આજે ઘરે ઘરે નલ સે જલ યોજના અંતર્ગત પાઈપ લાઈન દ્વારા પીવાનું પાણી પહોંચ્યું છે. કિસાન ક્રેડિટ કાર્ડ હોય કે પછી અન્ય યોજનાઓ આજે છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓના લાભ પહોંચી રહ્યા છે.

કાર્યક્રમમાં પ્રેરક ઉદ્બોધન કરતા જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયાએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ વળવા અનુરોધ કર્યો હતો. વિકસિત ભારતની પરિભાષા સમજાવતા તેમણે જણાવ્યું હતું કે, વિકાસશીલમાંથી વિકસિત ભારત બનાવવા માટે સરકારની યોજનાઓના મળવા પાત્ર લાભથી એક પણ વ્યક્તિ બાકી ન રહી જાય તે સુનિશ્ચિત કરવાની સહિયારી જવાબદારી છે. આ યાત્રા થકી યોજનાઓના પ્રચાર પ્રસારની સાથે અંતિમ હરોળના વ્યક્તિને પણ તેના લાભથી લાભાન્વિત કરાઈ રહ્યા છે.

સદગુરુ કૃપા હી કેવલમ । શીર્ષક : ચિન્ટુની ચીસ.... (બોધકથા)

# મકરસંક્રાંતિની મજા આપણી માટે કે અન્ય કોઈ માટે સજા ન બની જાય! એનું ધ્યાન રાખીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હિન્દુ સંસ્કૃતિની ઘણી આગવી પહેચાન છે, જેમકે તેના વિવિધ સ્વરૂપો ધરાવતા દેવી-દેવતાઓ, અને દરેક સ્વરૂપનું કોઈને કોઈ મહાત્મય! પંચાંગ એ પણ હિન્દુ સંસ્કૃતિની એક અનેરી પહેચાન ધરાવતું અંગ છે. આજકાલ અન્ય ગ્રહ પર પહોંચવા માટે જે શોધ થઈ રહી છે, અને ગ્રહના સ્થાન વિશે જે ગણતરીઓ મંડાઈ રહી છે, એ ભારતીય ઋષિઓએ સદીઓ પહેલા માંડી અને પંચાંગ તૈયાર કર્યું હતું. વાર, તિથી, ગ્રહ, નક્ષત્ર, આ બધું જ આકાશ ગંગાના એ ગ્રહના સ્થાનને હલનચલન પર નિર્ભર છે, એ આપણે સૌ જાણીએ છીએ. પૃથ્વી નામના ગ્રહ પર વસનારા આપણે પ્રાણીઓ છીએ, અને સૌથી વધુ પૃથ્વીને સૂર્ય ચંદ્ર નામના ગ્રહની ગતિ અને પૃથ્વીથી તેનું અંતર એ બંને પ્રભાવિત કરે છે. આવો જ એક સુંદર તહેવાર કે જેમાં સૂર્ય મકર નામની રાશિમાં પ્રવેશ કરે છે કે ઉતરાયણ કરે છે, જેને આપણે મકરસંક્રાંતિ કે ઉત્તરાયણ તરીકે ઓળખીએ છીએ એ તહેવાર નજીક આવી રહ્યો છે. આ તહેવાર આપણે ઘણી શ્રદ્ધાથી ઉજવતા હોઈએ છીએ, એમાં દાનનું પણ એક અનેરૂ મહત્વ છે. પરંતુ ખાસ કરીને જુવાનીયાઓને આ દિવસે પતંગ ઉડાડવાની સૌથી વધુ મજા આવે છે, અને એટલે એમને આ તહેવાર સૌથી વધુ ગમતો હોય છે. તો આ તહેવારમાં પતંગ ઉડાડવામાં ઘણા જોખમો છે, અને ક્યાંક કોઈનાં જીવન નામની પતંગ કપાઈ ન જાય, એનો ખાસ ખ્યાલ રાખવો જોઈએ, એટલે એવો જ કિસ્સો હું બુધવારે બોધકથામાં લઈને આવી છું.

ચિરાગ ઓફિસેથી આવ્યો તો એણે જોયું કે ઘરનું બારણું ખુલ્લું છે, પણ ચિત્રા ઘરમાં જણાતી નથી. કારણ કે અંધારું થઈ ગયું હોવા છતાં, ક્યાંય લાઈટ હતી નહીં. ચિત્રા.. ચિત્રા.. એમ સાદ કરતો ચિરાગ ઘરમાં પ્રવેશ્યો, ઘરમાં પ્રવેશતાજ તેની નજર હનુમાનજીના ફોટા નીચે રહેલા તારીખિયામાં ગઈ, અને એને થયું કે ઓહ આજે ૧૦ જાન્યુઆરી છે! અને એટલે ચિત્રા...! આ જાન્યુઆરી મહિનો એની



માટે ઘણી કડવી યાદોથી ભરેલો હતો, અને ચિત્રાતો ૨૦૧૮ ના જાન્યુઆરી પછી સાવ મૌન બની ગઈ હતી. એનો મતલબ એ હતો કે ચિત્રા ઘરમાં જ છે, પણ પોતાના રૂમમાં અંધારામાં બેઠી હશે. એની ગણતરી સાચી પડી, ચિરાગે રૂમમાં પ્રવેશતા કહ્યું ચિત્ર સંધ્યા થઈ ગઈ, કેમ લાઈટ નથી કરી? અને એણે બેડરૂમની લાઈટ ચાલુ કરી! સામે બેડ પર ચિન્ટુનો ફોટો હાથમાં લઈને ચિત્રા રડી રહી હતી. ચિરાગ તેની નજીક ગયો અને તેના વાંસામાં હાથ ફેરવીને આશ્વાસન આપતાં બોલ્યો, ચિત્ર આ આપણા જીવનની કડવી વાસ્તવિકતા છે, એને સ્વીકાર્યા વગર નહીં ચાલે! અને ચિત્રા ચિરાગને ભેટીને જોરદાર આંસુએ રડી પડી.

ચિન્ટુ બરાબર નવ વર્ષનો હતો અને ચિરાગ આ મેટ્રો સીટીમાં પોસ્ટિંગ લઈને આવ્યો હતો. ચિન્ટુ એમનું પ્રથમ અને છેલ્લું સંતાન હતું. અત્યંત અદ્યતન સુવિધા ધરાવતા તેમજ ઉંચી ઉંચી બિલ્ડીંગો, અને મલ્ટિપ્લેક્સ સિનેમા, શોપિંગ સેન્ટર, શોપિંગ મોલ, આ બધું જોઈ બંને જણા કોઈ સ્વપ્ન નગરીમાં આવ્યા હોય, એમ તેમને લાગતું હતું. મેટ્રો સીટીમા બધી જ વસ્તુઓ આસાનીથી મળી જાય, પણ ઘર મહા મુશ્કેલીયે મળે! એવા આ શહેરમાં એમને પોતાનો આશિયાનો માંડ માંડ મળ્યો. ૧૨ માળ અને એક માળ પર ૧૦ ફ્લેટ એવા તોતિંગ ટાવરના દસમા માળે ચિરાગ એ થ્રી બીએચકે વાળો ફ્લેટ ભાડે રાખ્યો હતો. લિફ્ટમાં ઉપર નીચે જવું, અને આવું બધું નવું નવું જોઈ, પહેલા તો ચિત્રાને ખૂબ જ ડર લાગતો હતો, પણ પછી ટેવાઈ ગઈ હતી.

૨૦૧૮ ના જાન્યુઆરીની મકરસંક્રાંતિએ ચિરાગે પોતાના ફ્લેટમાં પતંગ ઉડાડવા માટે એના ઘણા ફ્રેન્ડ ને ઈન્વાઈટ કર્યા હતા, અને બધા ફેમિલી બપોરનું ભોજન અહીં જ કરવાના હતાં. ચિત્રાને પણ અગાસી પર આ તહેવારમાં આનંદ લઈ શકાય, એટલે બધું જ પહેલેથી આયોજન કરી લીધું હતું, તેમજ અમુક વસ્તુ ઓર્ડરથી મંગાવી લેવાની પણ તૈયારી થઈ ગઈ હતી. આ ઉપરાંત કડક માંજો પાયેલા ત્રણ ચાર રીલ ૯/ ૧૦ પંજા પતંગ, શીંગ, દાળિયા, તલ, મમરા વગેરેની ચીકી, લાડુ, શેરડી, બોર, ખજૂર, વગેરે પણ આવી ગયું હતું.

૧૪ જાન્યુઆરીનો દિવસ પણ આવી ગયો, અને ચિરાગના બધા જ ફ્રેન્ડ્સ આઠ વાગ્યા સુધીમાં આવી ગયા, અને ફ્લેટ લોક કરીને બધા જ કપલ અગાસીમાં પતંગ ચગાવવા પહોંચી ગયા. ચિન્ટુને પણ વહેલો ઉઠાડી ગરમ કપડા વગેરે પહેરાવી તૈયાર કરી દીધો હતો. ચિન્ટુ પોતે પણ પતંગ ચગાવવાનો અને એને ઉડતી જોવાનો શોખીન હતો, એટલે એ પોતે પણ મકરસંક્રાંતિના તહેવાર માટે કેટલાય દિવસથી ઉત્સાહિત હતો. લગભગ બધી જ ટેરેસમાં યુવાનોની ભીડ હતી, અને કાપ્યો છે...! પકડ્યો છે....! જો જાય..! એવી બૂમો સંભળાતી હતી તો એક બાજુથી લાઉડ સ્પીકર પર મોટે મોટે થી ગોતી લ્યો..!! ગોતી લ્યો..! એ અને બીજા કેટલાય ગીતોના અવાજ સંભળાતા હતા. ચિન્ટુ માટે પણ માંઝા વગરની લોટ પાયલી દોરી, અને નાનકડા નાનકડા પતંગ ખરીદાયા હતાં, અને એ પણ પોતાની રીતે નાનકડા પતંગને ચગાવવામાં મસગુલ હતો. એવામાં ચિરાગના એક મિત્રની કપાયેલા પતંગની દોરીમાં એક કબૂતરનો પગ સલવાઈ ગયો, અને બધાં જ મિત્રો એને બચાવવામાં વ્યસ્ત હતા! એમની પત્નીઓના મન પણ કબૂતર મરી જશે! કે પછી લંગડું થઈ જશે! એ ચિંતામાં ત્યાં જ ચોંટેલા હતાં, અને બરોબર એ જ સમયે ચિન્ટુની વધારાની પતંગો ટેરેસમાં પવન આવતા ઉડવા લાગી, અને એ તેને પકડવા દોડ્યો! એને ખ્યાલ જ ન રહ્યો કે પાણીનાં ટાંકા માટેની નાની અગાશીમાં એકલો જ પતંગ ચગાવતો હતો, અને એની પેરેફિટ સાવ સાંકડી અને છીછરી હતી, એટલે પતંગ પકડવામાં મમ્મી... એમ ચીસ પાડી સીધો નીચે પડ્યો. મમ્મી શબ્દ સાંભળતા જ ચિત્રાનુ ધ્યાન ત્યાં ગયું, અને એનાં મોઢામાંથી માત્ર ચિન્ટુ.... એમ નીકળ્યું! બસ ત્યારથી એની વાંચા હરાઈ ગઈ..., તે આજ સુધી. ન કબૂતર બચ્યું કે ન ચિન્ટુ...! અને ચિરાગ ચિત્રાના ઘરનો ચિરાગ બુઝાઈ ગયો! બસ ત્યારથી ચિત્રા સુનમુન થઈ ગઈ. કેટલાય ડોક્ટરને બતાવ્યું પણ ચિત્રાની વાંચા ને કોઈ પાછું લાવી શક્યું નહીં!! અને આમ એમને મજા ની સજા મળી. કોઈ એ કહ્યું કે આ શહેર આ ઘર સાથે આ ઘટના જોડાયેલી છે, તો એણે એ શહેર અને ઘર પણ છોડી દીધું, પણ ચિત્રાનું મૌન કોઈ ભેદી શક્યું નથી.

તો મિત્રો સદીઓથી આ તહેવાર આપણે ઉજવીએ છીએ, પણ નાની વાતમાં સાવધાની રાખવાનું આપણને યાદ નથી રહેતું. કેટલાય પડશે, હાથપગ તૂટશે,અંગુઠા કપાશે, કેટલાય ચિત્રાની જેમ મુંગા થઈ જશે, કેટલાંય ચિન્ટુ ની જેમ ઉપરથી પડીને મરશે, અને કેટલાય પક્ષીઓના પગ કપાશે! કૂતરાં બિલાડી અને ગાય ભેંસ કે અન્ય પશુઓની ડોક કપાશે! કાપા પડશે, સ્કૂટર ચાલકોના વ્હીલમાં ભરાઈ ને એક્સિડન્ટ પણ થાય! અને એવું બીજું કેટલુંય નુકશાન થાય છે, પણ છતાં આપણે જોઈએ એટલી હજી સાવધાની રાખી શકતા નથી! અને એને કારણે આવાં નાનાં મોટાં એક્સીડન્ટ થાય છે. આ કિસ્સામાં વર્ણવેલી દુર્ઘટના પણ ઘણે અંશે સત્ય છે! તો આ તહેવાર ને બધાં સાવધાની પૂર્વક ઉજવીએ એવી એક નમ્ર અપીલ સાથે હું મારી વાત પુરી કરું છું.

# સંસારમાં જ્યાં સુધી દેહનું ભાન છે ત્યાં સુધી મનુષ્ય સંસારને છોડી શકતો નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



સૌને જય માતાજી.. સુપ્રભાત..

સંસારનો મોહ દૂર ન થાય ત્યાં સુધી ભક્તિ થતી નથી. કોઈ પણ રીતે મનને સંસારના વિષયોમાંથી હઠાવી પ્રભુ પ્રેમમાં જોડી રાખો! અરે, જેને દેહ કહીએ છીએ તે દેહ પણ આપણો નથી. કારણ તેને પણ આપણે રાખી શકવાના નથી, તો બીજું કોણ આપણું? માટે પિતા જી, ગંગાકિનારે ઠાકોરજીની સેવા કરો. મનને વિક્ષેપ થાય,ત્યારે તેણે શ્રીકૃષ્ણલીલા કથામાં લઈ જાવ. ભાવના કરશો તો હૃદય પીગળશે. પરદોષદર્શન સેવામાં- સત્કર્મમાં વિઘ્નરૂપ છે.માટે પરદોષ દર્શનનો ત્યાગ કરો!અને ભગવાનનો આશરો લઈ ભગવાનમય બની જીવો ભગવાનમય જીવન ગાળવા માટે ધ્યાન, જપ અને પાઠ અતિ આવશ્યક છે. ઉત્તમ પાઠના જ અંગ છેઃ મધુરતા, સ્પષ્ટ અક્ષરનો ઉચ્ચાર,પદચ્છેદનું જ્ઞાન,ધીરજ, લયનું સામર્થ્ય અને મધુર કંઠ. પાઠ શાંત ચિત્તે કરવો.ઉતાવળથી સમજ્યા વગર પાઠ ન કરવો.

આત્મદેવ ગંગાકિનારે આવ્યા અને માનસી સેવા કરવા લાગ્યા.એકાંત માં બેસી મનને એકાગ્ર કરે છે. ચંચળ મનને વિવેકરૂપી બોધથી સાચવવું અને સંકલ્પ-વિકલ્પથી દૂર રાખવું.માનસિક સેવામાં મનની ધારા અતૂટ રહેવી જોઈએ. એવી સેવામાં દિવ્યતા રહેલી છે.ઉચ્ચ સ્વરથી જપ પાઠ કરવાથી મનની એકાગ્રતા થાય છે. ચિત્ત વૃત્તિનો નિરોધ થાય છે. આત્મદેવ સતત ભાગવત ધ્યાનમાં તન્મય છે. નિવૃત્તિમાં સતત સત્કર્મ થવું જોઈએ.નહીંતર નિવૃત્તિમાંથી પાપ બહાર આવે છે. આત્મદેવ દસમા સ્કંધનો નિત્ય પાઠ કરે છે. આત્મ દેવ ખરેખરો દેવ બને છે.જીવ અને શિવ એકબને છે.જીવ અને ઈશ્વર નું મિલન થાય છે.પરમા ત્માના બે સ્વરૂપ એક અર્ચા સ્વરૂપ અને બીજું નામ સ્વરૂપ. સામગ્રીથી જેની સેવા થાય એ અર્ચાસ્વરૂપ. શ્રીમદ્ ભાગવત એ ભગવાનનું નામ સ્વરૂપ છે.નામસ્વરૂપ વિના સ્વરૂપ સેવા થતી નથી.નામ સ્વરૂપ માં જ્યાં સુધી નિષ્ઠા ન થાય ત્યાં સુધી સ્વરૂપ સેવામાં પ્રીતિ થતી નથી.મન શુદ્ધિ વગર સ્વરૂપ સેવા માં આનંદ મળતો નથી.સંસાર સાથે સ્નેહ કરે છે,ત્યાં સુધી તેમને સ્વરૂપ સેવામાં આનંદ મળતો નથી સંસાર સાથે સ્નેહ કરો,પણ વિવેક પૂર્વક સ્નેહ કરો. અગ્નિ બાળે છે, પણ તેનો વિવેક પૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો તે લાભ કરે છે તેવું સંસારનું છે. સંસારમાં જ્યાં સુધી દેહનું ભાન છે ત્યાં સુધી મનુષ્ય સંસારને છોડી શકતો નથી અને મન માયાને સ્પર્શ કરે છે તે મન મનમોહનની સેવામાં જઈ શકતું નથી.જ્યાં સુધી સ્વરૂપ સેવામાં મન એકાગ્ર ન થાય ત્યાં સુધી નામ સેવા કરો.સ્વરૂપ સેવા માં આનંદ આવતો નથી કેમ કે મન વ્યગ્ર છે.મનુષ્યનું મન સંસાર વ્યવહારના વિષયોમાં એવું લીન રહે છે કે, પાપ કરે છે તેનું પણ તેને ભાન રહેતું નથી. સ્વરૂપ સેવા કરતાં હૃદય પીગળે, આંખો ભીની થાય, આનંદ આવે અને સાત્ત્વિક ભાન જાગે તો સેવા સફળ થઈ છે એમ સમજજો. સેવા એ હૃદયના ભાવ છે. હૃદયના ભાવ વગર કરેલી સેવા ફળતી નથી. જીવ શુદ્ધ થઈ પરમાત્માની સેવા કરે છે. ઠાકોરજી પ્રસન્ન થાય છે.મનમાં અનેક જન્મોના મેલ ભર્યા છે. સ્વરૂપ સેવામાં મનશુદ્ધિ આવશ્યક છે.મનને શુદ્ધ કરવા નામ સેવાની જરૂર છે. મનને શુદ્ધ કરે છે ભાગવત. કળિયુગમાં નામ સેવા પ્રધાન છે.શ્રીમદ્ ભાગવતએ ભાગવતનું નામ સ્વરૂપ છે. નામ એ જ બ્રહ્મ છે.નામ એ જ પરમા ત્મા છે. વધુ શું કહું? નામ એ પરમાત્મા કરતાં પણ શ્રેષ્ઠ છે. ઈશ્વર દેખાતા નથી.જે દેખાતા નથી તેની સાથે સ્નેહ કરવો કઠણ છે. નામ સ્વરૂપ સ્પષ્ટ દેખાય છે. જે વ્યક્તિનાં પ્રત્યક્ષ દર્શન ન થયાં હોય તેના નામને પકડી રાખો તો તેના દર્શન થશે જ થશે.ઈશ્વરનું સ્વરૂપ સર્વ માટે અનુકૂળ અને સુલભ નથી. પણ સ્વરૂપ સુલભ છે. જ્ઞાની પુરુષો નામમાં નિષ્ઠા રાખે છે ને નામનો આશ્રય કરે છે.રામજીએ થોડા જીવોનો ઉદ્ધાર કર્યો હશે ત્યારપછી તેમના નામે અનેકોનો ઉદ્ધાર કર્યો છે. શ્રી કૃષ્ણ પૃથ્વી ઉપર વિરાજેલા,ત્યારે તેમણે જે જીવોનો ઉદ્ધાર કર્યો તેના કરતાં તેના નામે અનેકોને તાર્યા છે.

મોટામાં મોટું પાપ કર્યું? આપણને ઈશ્વરના નામમાં નિષ્ઠા નથી તે. નામ સાધન સરળ છે. ભાગવત એ ભગવાનનું સ્વરૂપ છે. ભાગવત નો આશ્રય એ નામનો આશ્રય. ભાગવતનો આશ્રય કરે તે ભગવાન બને છે.સંસ્કૃતનું જ્ઞાન હોય તો જ રોજ દસમ સ્કંધનો, વિષ્ણુસહસ્ર નામનો, શિવમહિમ્ન સ્તોત્રનો પાઠ અર્થ જ્ઞાન સાથે કરો. પ્રભુ જલ્દી કૃપા કરતા નથી. સ્વેચ્છાથી દુઃખ સહન કરે તેને યમરાજ દુઃખ આપી શકતા નથી. આત્મદેવ એકઆસને દસ-બાર કલાક બેસતા. એક આસને બેસો. જે લીલાની કથા ચાલતી હોય તે લીલા પ્રત્યક્ષ થઈ રહી છે તેમ વિચારો તો આનંદ આવશે. દશ્ય માંથી દષ્ટિ હઠી જાય અને દષ્ટિમાં સ્થિર થાય,તો આનંદ પ્રગટે.

ગોકર્ણને લાગ્યું કે,ધુંધુકારીનું વર્તન મને વિક્ષેપ કરશે.એટલે તેઓ પણ વનમાં જાય છે. બીજી બાજુ ધુંધુ કારી વેશ્યાઓને રાજી કરવા ચોરી ઓ કરવા લાગ્યો.

એક-એક ઈન્દ્રિયનો ધણી જીવ છે. પરંતુ જો ઈન્દ્રિય ધણી થાય, એટલે કે મનુષ્ય ઈન્દ્રિયને આધીન થાય તો તેનું જીવન બગડે છે. મન ઈશ્વર સાથે મૈત્રી કરે, ત્યારે સુખ થાય છે અને વિમુખ થાય ત્યારે દુઃખ થાય છે. ધુંધુકારી અનર્થથી અર્થોપાર્જન કરે છે, તે રાજાને ઘરે ચોરી કરવા લાગ્યા. દાગીનાઓ લાવી વેશ્યા ઓને આપ્યા. વેશ્યાઓ વિચાર કરે છે કે,આ જીવતો રહેશે તો આપણે પણ તેની સાથે કોઈ વખત પકડાઈ જઈશું ને ધન ખોઈ બેસી સજા પામીશું માટે આને મારી નાખીએ. વેશ્યાઓએ ધુંધુકારીને દોરડા વડે બાંધ્યો. ગળે ફાંસો આપ્યો, તો પણ ધુંધુકારી મરતો નથી. અતિ પાપીને જલ્દી મોત આવતું નથી. વેશ્યાઓ બળતા અંગારા ધુંધુ કારીના મોઢા માં નાખે છે અને તેને મારી નાખે છે. પંચેન્દ્રિયો,પંચ વિષયો અંત કાળમાં જીવને આમ મારે છે. પછી વેશ્યાઓએ તેના શરીરને અગ્નિ સંસ્કાર પણ કર્યો નહીં,દાટી દીધું. ધુંધુકારી પોતાના કુકર્મોને કારણે ભયંકર પ્રેત બન્યો.પાપી થમપુરી માં પણ જતો નથી, તે પ્રેત બને છે.

ગોકર્ણે ધુંધુકારીના મરણના સમાચાર સાંભળ્યા. તેઓ ગયાજી માં આવ્યા છે.ગોકર્ણે ધુંધુકારી પાછળ ગયાજીમાં શ્રાદ્ધ કર્યું. ગયા શ્રાદ્ધ શ્રેષ્ઠ છે.ત્યાં વિષ્ણુ પાદ છે.તેની કથા એવી છે કે ગયા સુર કરીને એક રાક્ષસ હતો.તેણે તપ થી બ્રહ્માને પ્રસન્ન કર્યા.બ્રહ્માએ કહ્યું કે વરદાન માગ.ત્યારે તે બ્રહ્મા ને કહે છે કે,તમે શું વરદાન આપવાના હતા? તમારે મારી પાસે કાંઈ માગવું હોય તો માગો. બ્રહ્મા એ વિચાર્યું કે,આ અસુર આમ મરવાનો નથી. પણ આના શરીર ઉપર લાંબા સમય સુધી યજ્ઞ કરીશું તો એ મરશે, એટલે બ્રહ્માએ યજ્ઞ માટે તેનું શરીર માગ્યું. યજ્ઞકુંડ ગયાસુરની છાતી પર કરવામાં આવેલો.સો વર્ષ સુધી યજ્ઞ ચાલ્યો,પણ ગયા સુર મર્યો નહીં.યજ્ઞની પૂર્ણાહુતિ પછી તે ઊઠવા ગયો, ત્યારે બ્રહ્મા ચિંતાતુર બન્યા.બ્રહ્માએ નારાયણ નું ધ્યાન કર્યું. નારાયણ ભગવાન પ્રગટ થયા અને ગયાસુરની છાતીમાં બે ચરણો પધરાવ્યાં.ગયાસુરે મરતી વેળા ભગવાન પાસે વરદાન માગ્યું કે,આ ગયામાં જે કોઈ શ્રાદ્ધ કરશે તેના પિતૃઓની મુક્તિ થાય. ભગવાને વરદાન દીધુંકે,તારા શરીર ઉપર જે પિંડદાન કરશે,તેના પિતૃ ઓને ભક્તિ મળશે ભગવાને ગયાસુએ મુક્તિ આપી માટે ગયા જીમાં જે પિતૃ શ્રાદ્ધ કરશે તેના પિતૃઓને મુક્તિ મળશે. ભગવદ્ ગીતા જ્ઞાનમાં આપણે દરરોજ સવારે કંઈક મેળવવા પ્રયત્ન કરીએ છીએ.જે આપ સૌ મેળવી હદય મનથી શાંતિનો અનોખો અહેસાસ કરીએ. બસ આપણું ધ્યેય કંઈક આજ છે. સૌનું કલ્યાણ થાઓ.. તેવી શુભેચ્છા સહ અસ્તુ. જય માતાજી.

# નિક્કી તંબોલીનો રેડ બ્રાલેટમાં જોવા મળ્યો સુપર હોટ અંદાજ



### નિક્કીએ પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે હેર ઓપન રાખ્યા છે જ્યારે ગળામાં કોઇ પણ પ્રકારની એસેસરીઝ પહેરી નથી



નિક્કી તંબોલી રેડ બ્રાલેટ પહેરીને કર્વી ફિગર ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે. આ તસવીરોમાં એક્ટ્રેસનો સુપર બોલ્ડ અંદાજ જોવા મળી રહ્યો છે. નિક્કીની આ તસવીરો હાલમાં સોશિયલ મિડીયામાં ધૂમ મચાવે છે. આ તસવીરો પર લોકો જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે. નિક્કી તંબોલીની હોટનેસ જોઈને તમે પણ ફિદા થઈ જશો. રેડ બ્રાલેટમાં નિક્કી તંબોલીએ પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે ઓપન હેર રાખ્યા હતા. ખુલ્લા વાળ નિક્કીની હોટનેસમાં વધારો કરે છે. એક્ટ્રેસની આ તસવીર લોકોની ખૂબ ગમી રહી છે. નિક્કીની આ તસવીર જોઈને તમે પણ ફિદા થઈ જશો. નિક્કી તંબોલીના ડિપનેક ડ્રેસે લોકોનું ધ્યાન ખેંચ્યુ છે. એક્ટ્રેસની આ તસવીર તમે એક વાર જોશો તો જોતા રહી જશો. નિક્કી તંબોલી અવારનવાર ફેન્સ માટે પોતાની તસવીરો શેર કરતી રહેતી હોય છે. નિક્કી તંબોલી આ તસવીરમાં એકદમ હસીન લાગી રહી છે. આ લુક પર ફેન્સ ફિદા થઈ ગયા છે. નિક્કીની આ ડ્રેસિંગ સ્ટાઈલ પર લોકોએ જાતજાતની કોમેન્ટ્સ કરી છે. જો કે આ તસવીરોને લઈને નિક્કી ટ્રોલ થઈ છે અને લોકોએ કહ્યું કે..સુકૂન મિલા. આવી કોમેન્ટસ કરીને લોકો ટ્રોલ કરી રહ્યા છે. નિક્કીએ પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે હેર ઓપન રાખ્યા છે જ્યારે ગળામાં કોઈ પણ પ્રકારની એસેસરીઝ પહેરી નથી. ડીપ નેકમાં કોઈ પણ પ્રકારની એસેસરીઝ ના પહેરવાને કારણે હોટનેસમાં ડબલ વધારો થાય છે. આમ વાત કરવામાં આવે તો નિક્કી તંબોલી હંમેશા કોઈને કોઈ રીતે ચર્ચામાં રહેતી હોય છે. ક્યારેક તસવીરો તો ક્યારેક વિડીયો ફેન્સ માટે શેર કરતી હોય છે. રેડ ડ્રેસ બ્રાલેટમાં નિક્કી તંબોલીએ પોતાના ઈન્સ્ટા પર વિડીયો શેર કર્યો છે. સલમાન ખાનના બિગ બોસમાં ધૂમ મચાવનાર એક્ટ્રેસ નિક્કી તંબોલી દિવસોમાં સોશિયલ મિડીયામાં ખૂબ એક્ટિવ રહે છે. નિક્કી તંબોલી સામાન્ય રીતે ફેન્સ માટે અનેક તસવીરો અને વિડીયો શેર કરતી રહેતી હોય છે. આ વચ્ચે નિકી તંબોલીની કેટલીક એવી તસવીરો વાયરલ થઈ રહી છે જેમાં રેડ બ્રાલેટમાં જોવા મળી રહી છે.





# વિવાદ વચ્ચે બિપાશા બાસુએ પતિ કરણ-પુત્રી સાથે માલદીવમાં જન્મદિવસ ઉજવ્યો

### ફોટામાં અભિનેત્રી તેના પતિ કરણ અને પુત્રી દેવીને તેની બાહોમાં પકડીને તેમના પર ખૂબ પ્રેમ વરસાવતી જોવા મળી હતી

બિપાશા બાસુ હાલમાં જ પતિ કરણ સિંહ ગ્રોવર અને પુત્રી દેવી સાથે માલદીવમાં તેનો ૪૫મો જન્મદિવસ ઉજવી રહી હતી. આ સમય દરમિયાન અભિનેત્રીએ ક્યારેય કલ્પના પણ નહીં કરી હોય કે તેના જન્મદિવસની તસવીરો સોશિયલ મીડિયા પર આટલી હદે ટ્રોલ થશે. બિપાશા બાસુએ ગઈ કાલે ૭મી જાન્યુઆરીએ ૪૫મો જન્મદિવસ ઉજવ્યો હતો અને મોટાભાગની બોલિવૂડ હસ્તીઓની જેમ તેણે પણ માલદીવમાં વેકેશન પ્લાનિંગ કરી બર્થ ડે સેલિબ્રેશન કર્યું હતું. આ સમય દરમિયાન અભિનેત્રી સોશિયલ મીડિયા પર સક્રિય રહી હતી અને ફોટા દ્વારા ચાહકો સાથે વેકેશનની ઝલક પણ શેર કરી હતી. આ ફોટામાં અભિનેત્રી તેના પતિ કરણ અને પુત્રી દેવીને તેની બાહોમાં પકડીને તેમના પર ખૂબ પ્રેમ વરસાવતી જોવા મળી હતી. આ તસવીરો શેર કરતી વખતે બિપાશા બાસુએ લખ્યું હતું કે, 'મને માત્રને માત્ર પ્રેમ અનુભવાઈ રહ્યો છે. તમારા પ્રેમ અને શુભેચ્છાઓ માટે હું તમારા બધાનો હૃદયપૂર્વક આભાર માનું છું. હું નસીબદાર છોકરી છું. કરણ સિંહ ગ્રોવરે પણ બિપાશા બાસુનો એક ફોટો શેર કર્યો છે અને તેના જન્મદિવસ નિમિત્તે તેના માટે પ્રેમભર્યો સંદેશ લખ્યો છે. તે લખે છે કે, 'હેપ્પી બર્થડે માય માય સ્વીટ લિટલ બેબી, તારી પાસે સૌથી સુંદર સ્મિત છે અને તું મારા જીવનની રોશની છે... હેપ્પી બર્થડે મંકી. કરણ અને બિપાશાના ઈન્ડસ્ટ્રીના મિત્રોએ આ તસવીરો પર ઘણો પ્રેમ વરસાવ્યો હતો અને અભિનેત્રીને તેના જન્મદિવસની શુભકામનાઓ પણ પાઠવી હતી, પરંતુ સોશિયલ મીડિયા યુઝર્સે અભિનેત્રીનું માલદીવ જવાનું પસંદ કર્યું ન હતું. અભિનેત્રીના ફોટા પર ઘણા યુઝર્સે ઈર્હ્વઅર્ષ્દ્ધક્ફ્ક્ષ્ક્ષ્દ્દી કોમેન્ટ કરી છે. આ સિવાય ઘણા યુઝર્સ લખે છે કે, જ્યારે માલદીવ આપણા વડાપ્રધાન વિશે વિવાદાસ્પદ ટીપ્પણી કરી રહ્યું છે તો તેમણે માલદીવ જવું જોઈતું નહોતું.

# મલાઇકા પોસ્ટ કરીને બધાની બોલતી બંધ કરી દીધી

### વિડીયોમાં અર્જૂન-મલાઇકા સાથે રણવીર ફૂલ ટુ ફની મુડમાં જોવા મળ્યો



અર્જૂન કપૂર અને મલાઈકા અરોરા સામાન્ય રીતે પોતાની રિલેશનશિપને લઈને ચર્ચામાં રહેતી હોય છે. લાંબા સમયથી બ્રેકઅપની અટકળોના સમાચાર મળી રહ્યા છે. સોશિયલ મિડીયા પર અર્જૂન-મલાઈકાને લઈને એ વાતનો દાવો કરવામાં આવ્યો હતો કે બે મહિના પહેલાં એકબીજા અલગ થઈ ગયા હતા. બ્રેકઅપની અફવાઓ વચ્ચે મલાઈકાએ લવ બોય સાથેનો એક વિડીયો શેર કર્યો છે જેનાથી સોશિયલ મિડીયામાં હંગામો મચી ગયો છે. આમ વાત કરવામાં આવે તો મલાઈકાના આ વિડીયોની ચારેબાજુ ચર્ચાઓ થઈ રહી છે. જીં હાં..મલાઈકાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પોસ્ટમાં અર્જૂન કપૂર સાથે એક વિડીયો શેર કર્યો છે. આ વિડીયોમાં અર્જૂન કપૂર મિત્ર રણવીર સિંહની સાથે ડિજે બનીને મસ્તી કરતો જોવા મળી રહ્યો છે. આ વિડીયોને શેર કરતા મલાઈકાએ અર્જૂનને સુપર કુલ કહ્યો છે. મળતી માહિતી અનુસાર અર્જૂન મલાઈકાની એક મિત્રના લગ્ન સમારોહમાં ગઈ હતી, જ્યાં અર્જૂન-મલાઈકા એક સાથે શામેલ થયા હતા. આ વિડીયો પરથી સાબિત થાય છે કે મલાઈકાએ અર્જૂન કપૂર સાથે અલગ થવાની અફવાઓ પર કંઈક હટકે રીતે વિરામ લગાવી દીધો છે. આ વિડીયો પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે હજુ પણ આ બન્ને વચ્ચે પ્રેમભર્યા સંબંધો છે. મિડીયા રિપોર્ટ્સ અનુસાર બે મહિના પહેલાં મલાઈકા અને અર્જૂનનું બ્રેકઅપ થઈ ગયુ હતુ પરંતુ હાલમાં બન્ને વચ્ચે ફરી સુમેળ થઈ ગયો છે. મલાઈકા અરોરા અને અર્જૂન કપૂર બોલિવૂડના સૌથી ચર્ચામાં રહેતા કપલ્સમાંથી એક છે. આ બંનેને ખૂબ જ ટ્રોલ પણ કરવામાં આવે છે, ત્યાં ફેન્સ મલાઈકા અરોરા અને અર્જૂન કપૂર પર મન ભરીને પ્રેમ પણ વરસાવે છે. થોડા દિવસો હેલાં અર્જુન કપૂર અને આદિત્ય રોય કપૂર 'કોફી વિથ કરણ ગેસ્ટ તરીકે આવ્યા હતા. કરણ જોહરે અર્જુનને લગ્ન વિશે પૂછ્યો હતો, જેના પર તેણે કહ્યું હતું કે તે એકલા આ વિશે કરે, અન્ય વ્યક્તિના સન્માન માટે તે યોગ્ય નથી. મલાઈકાએ પર પૂછાયેલા સવાલનો વિચિત્ર જવાબ આપ્યો.



# લક્ષદ્વીપના સમુદ્રમાં ઇશા ગુપ્તાએ લગાવી ડુબકી

### અક્ષય કુમાર સહિત અન્ય સેલેબ્સે પણ માલદિવનો બહિષ્કાર કર્યો અને પર્યટકોને ભારતીય આઇલેન્ડ પર જવાની અપીલ કરી

ઈશા ગુપ્તાએ લક્ષદ્વીપના સમુદ્રમાં ડુબકી લગાવી. આ તસવીરો ઈશા ગુપ્તાએ સોશિયલ મિડીયામાં શેર કરી છે. આ તસવીરો જોઈને તમે પણ હેરાન થઈ જશો કે લક્ષદ્વીપ, માલદીવ કરતા પણ મસ્ત આઈલેન્ડ છે. ઈશાએ લક્ષદ્વીપની ખૂબસુરતીને મસ્ત રીતે દર્શાવી છે.

ઈશાની આ તસવીરો હાલમાં ખૂબ વાયરલ થઈ રહી છે. ઈશાની આ તસવીરો ઘણું બધુ કહી જાય છે. શા ગુપ્તાએ માલદીવથી જે તસવીરો શેર કરી હતી એમાં બ્લેક બિકીનીમાં જોઈ શકાય છે. સમુદ્રનું પાણી એકદમ ક્લિન દેખાઈ રહ્યુ છે. દૂર-દૂર સુધી સમુદ્રનું પાણી અને આસમાન નીલા રંગનું દેખાઈ રહ્યુ છે. ઈશા ગુપ્તાએ તસવીરો શેર કરતા લખ્યુ છે કે.. બહુ મસ્ત બીચ પર ગઈ છુ જ્યાં મારા પર રેત હતી અને ચહેરા પર તડકો હતો. આ મસ્ત જગ્યા લક્ષદ્વીપ છે. હું ફરીથી પાછી



ત્યાં જવાની રાહ જોઈ શકતી નથી. ઈશા ગુપ્તાએ હેશટેગની સાથે એક્સપ્લોર ઈન્ડિયન આઈલેન્ડ અને યે મેરા ઈન્ડિયા લિખા હૈ. એટલે કે એમના લોકોને ભારતીય આઈલેન્ડમાં ફરવાની અપીલ કરી છે અને ભારતને મહાન બતાવ્યુ છે.

ઈશા ગુપ્તાની આ પોસ્ટ પર લોકો કોમેન્ટ્સ કરી રહ્યા છે. ઈશાની પોસ્ટ પરથી એવું લાગી રહ્યુ છે કે આ થ્રોબેક તસવીર છે અને ફરી એ લક્ષદ્વીપ જવા માટે ઈચ્છે છે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લક્ષદ્વીપ સમુદ્ર ગયા હતા. આ જોતા માલદીવાના બે મંત્રીઓએ કહ્યુ કે, ભારત લક્ષદ્વીપને પ્રેમોટ કરી રહ્યા છે અને માલદીવ પર્યટનના લોકોનું ધ્યાન હટાવી રહ્યા છે. બાદ અક્ષય કુમાર અને જોન અબ્રાહમે ભારતીય લોકોને માલદીવ જવાની જગ્યાએ લક્ષદ્રીપ જેવા ભારતીય આઈલેન્ડ જવાની અપીલ કરી. જોને લક્ષદ્વીપની મસ્ત તસવીરો પણ શેર કરી છે. જ્યારે અક્ષય કુમારે લખ્યુ કે, માલદીવના પ્રમુખ નેતા સામાન્ય રીતે ભારતીયો પર નસ્લવાદી કરતા જોવા મળ્યા, હેરાન કરનારી વાત તો એ છે કે એ દેશની સાથે એવું કરી રહ્યા છે જે માલદીવને સૌથી વધારે પર્યટક આપે છે.

# લગ્ન પહેલાં સિદ્ધાર્થએ કિયારા માટે રાખ્યું હતું કરવા ચોથનું વ્રત?

સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણી બોલિવુડના લવિંગ કપલમાંથી એક છે. બંને એકબીજા પર પ્રેમ વરસાવવાની એક પણ તક છોડતા નથી. ફેન્સ પણ તેમની જોડીને ખૂબ પસંદ કરે છે. હાલમાં એક્ટર તેની એપકમિંગ સિરીઝ ઈન્ડિયન પોલીસ ફોર્સને લઈને ચર્ચામાં છે. આ સિરીઝમાં તેની સાથે વિવેક ઓબેરોય પણ જોવા મળશે. આ દરમિયાન વિવેકે સિદ્ધાર્થ વિશે એક રસપ્રદ ખુલાસો કર્યો છે. બોલિવુડ હંગામાને આપેલા ઈન્ટરવ્યુમાં વિવેક ઓબેરોયે સિદ્ધાર્થ મલ્હોત્રાના ખૂબ વખાણ કર્યા હતા. આ દરમિયાન તેને જણાવ્યું કે કેવી રીતે સિદ્ધાર્થ તેના



પાત્ર અને તેના શો માટે ડેડિકેટેડ રહે છે. આ દરમિયાન વિવેકે એક કિસ્સો પણ શેર કર્યો હતો. તેને કહ્યું કે- 'એક દિવસ સિદ્ધાર્થ સેટ પર ભૂખ્યો હતો. મને લાગ્યું કે કદાચ તે કરવા ચોથનો ઉપવાસ કરી રહ્યો હતો, પણ તેને આ ઉપવાસ યુનિફોર્મ માટે રાખ્યો હતો. વિવેકના આ નિવેદન પર સિદ્ધાર્થે પણ પ્રતિક્રિયા આપી હતી. તેના જવાબમાં તેને કહ્યું- તે સમયે મારા લગ્ન થયા ન હતા. તેના પર વિવેકે પણ મજાકિયા અંદાજમાં જવાબ આપ્યો, 'કદાચ તમે તેને અગાઉથી રાખવા માગતા હોવ.' આ ઈન્ટરવ્યુમાં શિલ્પા શેટ્ટીએ પણ એક રસપ્રદ ખુલાસો કર્યો છે. તેને કહ્યું કે શૂટિંગ દરમિયાન તેને ખબર ન હતી કે સિદ્ધાર્થના લગ્ન છે. એક્ટ્રેસે જણાવ્યું કે- 'હું નિર્દેશક રોહિત શેટ્ટી પાસે ગઈ અને પૂછ્યું કે શું સિદ્ધાર્થના લગ્ન છે.

# વિશાલ મલ્હોત્રાના ઘમંડે કરિયર બરબાદ કરી નાખ્યું

ટીવી અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો લોકપ્રિય ચહેરો જેણે બંને જગ્યાએ પોતાના કામથી ઘણા દિલ જીતી લીધા. શરારત, હિપ હિપ હુરે અને ક્યા મસ્ત હૈ લાઈફ જેવા ઘણા શોમાં જોવા મળેલ આ અભિનેતા જ્યારે ફિલ્મોમાં આવ્યો ત્યારે તેણે પોતાના પાત્રથી સાબિત કર્યું કે તેની પાસે અભિનય પ્રતિભાની કોઈ કમી નથી. પરંતુ તેના ઘમંડે અભિનેતાની કારકિર્દી તબાહ કરી દીધી. જાણો કોણ છે તે લોકપ્રિય અભિનેતા? ટેલિવિઝન અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો લોકપ્રિય ચહેરો બનેલા આ અભિનેતાએ નાના પડદાથી જ દર્શકોના દિલમાં જગ્યા બનાવી લીધી હતી, પરંતુ ટીવી શો હોસ્ટ કરવાની સાથે તેણે ઘણી હિટ ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તે જાણીતો એક્ટર બીજો કોઈ નહીં પરંતુ વિશાલ મલ્હોત્રા છે, શાહિદ કપૂર-અમૃતા રાવની ૨૦૦૩માં આવેલી ફિલ્મ 'ઈશ્ક વિશ્ક'માં મમ્બોનું પાત્ર ભજવીને તે લોકોનો ફેવરિટ બન્યો હતો. તે સમયે તેની ફેન ફોલોઈંગ પણ ઘણી વધારે હતી. પરંતુ એક નાની ભૂલે તેનું કરિયર એટલું બગાડ્યું કે તેને ૧૨ વર્ષ સુધી કામ ન મળ્યું. વિશાલ મલ્હોત્રાએ ટીવી અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એવું કામ કર્યું કે તે ઘર-ઘરમાં પોતાનું નામ બનાવવામાં સફળ રહ્યો. પરંતુ અમૃતા અને શાહિદ કપૂરની ફિલ્મ 'ઈશ્ક વિશ્ક'માં મેમ્બોનું પાત્ર ભજવ્યા બાદ તે મેકર્સની પણ પહેલી પસંદ બની ગયો હતો. તેણે પોતાના ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, આ ફિલ્મમાં શાહિદ અને અમૃતા સાથે કામ કર્યા બાદ તે એટલો પોપ્યુલર થયો કે તેની પાસે ફિલ્મોની કતાર લાગી ગઈ. તેણે ૧૨ વર્ષ સુધી આવા જ પાત્રો ભજવ્યા, પરંતુ પછી અચાનક કંઈક એવું થયું કે તેની કારકિર્દીનો ગ્રાફ નીચે આવતો ગયો. વિશાલે તેના એક ઈન્ટરવ્યુમાં એમ પણ કહ્યું હતું કે એક જ પ્રકારનું પાત્ર ભજવ્યા બાદ તેણે નક્કી કરી લીધું હતું કે તે હવે આ પ્રકારના રોલ નહીં કરે અને આ રીતે તેણે એક પછી એક અનેક રોલ રિજેક્ટ કરવાનું શરૂ કર્યું.



# ફાઇટરનું હીર આસમાની સોન્ગ રિલીઝ કરાયું

દીપિકા પાદુકોણ અને હૃતિક રોશન સ્ટારર ફાઈટર ફિલ્મનું એક બીજુ ગીત રિલીઝ થઈ ગયુ છે. ફિલ્મનો એક-એક કરીને એમ બધા સ્ટાર કાસ્ટનો ફર્સ્ટ લુક સામે આવી ચુક્યો છે જે જોઈને ફેન્સને ફિલ્મ જોવાનું એક્સાઈટમેન્ટ વધી ગયુ છે. આ ફિલ્મમાં દીપિકા- હૃતિક રોશન પહેલી વાર સ્ક્રીન સ્પેસ શેર કરશે. આ માટે ફિલ્મને લઈને લોકોનો ક્રેઝ ખૂબ વધી ગયો છે. ફિલ્મને રિલીઝ થવામાં હજુ સમય છે ત્યાં ફિલ્મના મેકર્સ સતત ફિલ્મ સાથે જોડાયેલા કેટલાક પોસ્ટ અને ધમાકેદાર સોન્ગ ફેન્સના મનોરંજન માટે શેર કરતા રહે છે. થોડા સમય પહેલાં આ ફિલ્મથી શેર ખુલ ગએ અને ઈશ્ક જેવા ધમાકેદાર સોન્ગ રિલીઝ થયા હતા. આ બન્ને સોન્ગને ફેન્સનો જબરજસ્ત રિસ્પોન્સ મળ્યો હતો. હવે ફિલ્મ ફાઈટરનું ત્રીજુ ગીત હીર આસમાની પણ રિલીઝ થઈ ગયુ છે. આ ગીત સોશિયલ મિડીયામાં છવાઈ ગયુ છે. તમને જણાવી દઈએ કે હીર આસમાની ભારતીય વાયુસેના અધિકારીઓના અતૂટ જૂનૂન અને સમર્પણના સબૂતના રૂપમાં છે જે આપણી સુરક્ષા કરે છે.

# ઝાલોદ તાલુકાના થાળા ગામે ડ્રાઈવર દ્વારા એસ.ટી બસને ગફલત રીતે ચલાવતા પલટી ખાઈ ગઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ તાલુકાના લીમડાના થાળા ગામ પાસે તારીખ ૦૮-૦૧-૨૦૨૪ ના રોજ આસરે બપોરે ૧૨:૩૦ વાગે એસ.ટી બસ નંબર ૧૮-૬-૧૮૧૦ પૂરઝડપે ડ્રાઈવર હંકારીને લઈ જઈ રહેલ હતો તે દરમ્યાન મોટરસાઈકલને ઓવરટેક કરતા બાઈક સવારને અડફેટે લઈ પાડી દેતા મોટરસાઈકલ ઘસડાઈ ગઈ હતી. મોટરા સાયકલ ઘસડાઈ જતા બાઈક સવારને શરીરે ઈજા થયેલ હતી અને મોટરસાઈકલને પણ નુકસાન થયેલ હતું.

મોટરસાયકલ સવાર દિલીપ પારગીની ફરિયાદ મુજબ થાળા ગામ નજીકથી જતાં સામેથી આવતી પૂરપાટ એસ.ટી બસ આવતી હતી. એસ.ટી બસ દ્વારા ફરિયાદી બાઈક સવારને ઓવરટેક કરવા જતાં બાઈક સવાર નીચે રોડ પર મોટરસાઈકલ સાથે ઘસડાઈ પડી જતાં શરીરે ઈજા થઈ હતી. આ બનાવ બનતા એસ.ટી બસના ડ્રાઈવર દ્વારા અચાનક બ્રેક મારવામાં આવતા એસ.ટી બસ પલટી ખાઈ ગયેલ હતી. એસ.ટી બસ પલટી ખાઈ જતાં તેની અંદર જે મુસાફરો હતા તેમાં અમુકને નાની મોટી ઈજા થયેલ હતી.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આ અકસ્માતમાં એસ.ટી બસ અને બાઈક બંનેને નુકશાન થયેલ છે. બાઈક સવાર દ્વારા આ અંગે લીમડી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપવામાં આવેલ છે.

# "રાજ્યના છેવાડાના વિસ્તારોમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' પહોંચતા અનેક નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓના લાભો ઘર આંગણે મળ્યા છે"



। ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ તાલુકાના પાણીવેડ ગામે રાજ્ય સરકારના મંત્રી બચુભાઈ ખાબડની અધ્યક્ષતામાં અને જિલ્લા ભાજપા અધ્યક્ષ શંકરભાઈ અમલીયાર, દાહોદ જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, અન્ય અધિકારી ગણ, જિલ્લા-તાલુકા સભ્યો, સરપંચો, સંગઠનના આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનોની ઉપસ્થિતિમાં" વિકસિત ભારત સંકલ્પ યાત્રા" કાર્યક્રમ કરવામાં આવી હતી. લાભાર્થીઓને વિવિધ લાભોનું વિતરણ કરતાની સાથે ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો.

### જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ

# શ્રીમતી મેયબેન ગરસરના અધ્યક્ષ સ્થાને લાલપુરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરાયું

## લાલપુર તાલુકાના ૧૯ ગામોને ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશન માટે ઈ-રીક્ષા અર્પણ કરવામાં આવી

। (માહિતી) જામનગર, તા.૯ ।

કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભ છેવાડાના નાગરિકો સુધી પહોંચી શકે તેવા ઉમદા હેતુથી સમગ્ર દેશમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેને જામનગર જિલ્લામાં ભવ્ય પ્રતિસાદ મળી રહ્યો છે. જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મેયબેન ગરસરના અધ્યક્ષ સ્થાને લાલપુર તાલુકામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ શ્રીમતી મેયબેન ગરસર અને મંચસ્થ મહેમાનોના હસ્તે લાભાર્થીઓને મંજૂરી પત્રો અર્પણ કરાયા હતા. તેમજ મંચસ્થ મહેમાનોના હસ્તે લાલપુર તાલુકા પંચાયત હેઠળ સમાવિષ્ટ ૧૯ ગામોને ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશન માટે ઈ-રીક્ષાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારતના સંકલ્પને સિદ્ધ કરવા માટે જામનગર જિલ્લા ગ્રામીણ વિકાસ એજન્સી અને સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) દ્વારા ઘરે-ઘરેથી વેસ્ટ કલેક્શન નિયમિતપણે કરવામાં આવે છે. આ અત્યાધુનિક ઈ-રીક્ષાના વપરાશથી સમય, નાણાં અને શક્તિનો બચાવ થાય છે.

આ ઉપરાંત, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી દેશભરના વિવિધ લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના તેમજ



અન્ય સરકારી યોજનાઓના લાભાર્થીઓએ મેરી કહાની મેરી જુબાનીમાં પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા.

આ ઉપરાંત વિશિષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત કરેલા લાલપુરના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં લાલપુર ગ્રામ સરપંચ શ્રી જયેશ તેરૈયાએ ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમજ સરકારની વિવિધ યોજનાઓની જાણકારી ગ્રામજનો સમક્ષ રજૂ કરી હતી. કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયા બાદ તેમનું પુષ્પગુચ્છ અર્પણ કરીને ભાવભીનું સ્વાગત કરાયું હતું. વીર સાવરકર હાઈસ્કૂલની વિધાર્થીનીઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિમલ ગઢવી, લાલપુર તાલુકા પંચાયત પ્રમુખ શ્રી પ્રવિણસિંહ જાડેજા, લાલપુર પ્રાંત અધિકારી શ્રી અસવાર, લાલપુર તાલુકા વિકાસ અધિકારી શ્રી પંકજ મહેતા, લાભાર્થીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહયા હતા.

# રેલવે સંરક્ષામાં ઉત્કૃષ્ટ કાર્ય માટે ચાર રેલવે કર્મચારીઓ સન્માનિત



। અમદાવાદ, તા.૯ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ પર મંડળ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ મંડળના ૦૪ રેલવે કર્મચારીઓને સુરક્ષિત ટ્રેન પરિચાલનમાં ઉત્કૃષ્ટ કાર્ય અમલીકરણ માટે સન્માનિત કર્યા. આ રેલવે કર્મચારીઓને ડ્યુટી દરમિયાન તેમની સજાગતા અને સતર્કતાના કારણે અપ્રિય ઘટનાઓને રોકવામાં તેમના યોગદાન માટે પ્રમાણ-પત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા.

સિનિયર મંડળ સંરક્ષા અધિકારી શ્રી રાકેશ કુમાર ખરાડીએ માહિતી આપતાં જણાવ્યું કે શ્રી રાજેશ કુમાર ખન્ના લોકો પાયલોટ-સાબરમતી, શ્રી રામ ચંદ્ર મીણા પોઈન્ટ્સ મેન-લાકડીયા, શ્રી ધનંજય કુમાર અવસ્થી સ્ટેશન માસ્ટર સાણંદ અને શ્રી રમેશ ડી. ઝાલા પોઈન્ટ્સ મેન-જક્સી ને પ્રમાણ-પત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા. સન્માનિત કર્મચારીઓએ રેલ સંરક્ષામાં ટ્રેક પર ઝાડ પડ્યું હોય, બ્રેક બીમનું હેન્ગર તૂટેલું હોય, વેગનમાં ચિનગારી દેખાવી અને રોડ લટકી ગયેલો મળવો જેવી ખામીઓ જણાવા પર તરત જ યોગ્ય કાર્યવાહી કરીને અમંગળ ઘટના અને સંભવિત નુકસાનથી બચાવ કરાવ્યો હતો.

મંડળ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ આ સજાગ સંરક્ષા રેલવે પ્રહરીઓનો ઉત્સાહ વધાર્યો. અને કહ્યું કે યાત્રીઓની સંરક્ષા આપણી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જ્યારે પણ રેલવે કર્મચારી પોતાની ડ્યુટી દરમિયાન સજાગતા અને સતર્કતાથી કામ કરે છે ત્યારે અમને સેફ ટ્રેન વર્કિંગમાં મદદ મળે છે. અમને આ રેલવે કર્મચારીઓ પર ગર્વ છે.

# મહાનુભાવો દ્વારા પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, અંત્યોદય અન્ન યોજના, પીએમ જેવાય યોજના સહિતની સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓને અપાયા લાભો

। (માહિતી) ગીર-સોમનાથ, તા.૯ ।

તાલાલા તાલુકાના આંકોલવાડી ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંજૂલાબેન મૂછાર અને ર્ઁઉંહ્લઉના ડેપ્યુટી સેક્રેટરી શ્રી મનોજ સિંહાની પ્રેરક ઉપસ્થિતમાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" તેમજ સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આંકોલવાડી ખાતે પાત્રતા ધરાવતા નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો. આ તકે સ્થળ પર જ ૧૮ આયુષ્માન કાર્ડના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો. જ્યારે આરોગ્ય કેમ્પમાં ૭૨૦ કરતા વધુ લોકોએ નિદાન કરાવ્યું હતું અને ૫૨૦ કરતા વધુ દર્દીઓને ટીબીલક્ષી માર્ગદર્શન અને સારવાર અપાઈ હતી.

આ તકે ર્ઁઉંહ્લઉના ડેપ્યુટી સેક્રેટરી શ્રી મનોજ સિંહાએ જણાવ્યુ હતુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશનો વિકાસ થઈ રહ્યો અને ૨૦૪૭ સુધીમાં જનભાગીદારીથી આપણા દેશને વિકસિત બનાવવાનો છે. વધુમાં તેમણે ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા તેમજ અગ્રણી શ્રી મહેન્દ્રભાઈ પીઠિયાએ સરકારની કલ્યાણકારી વિવિધ યોજનાકીય માહિતી આપી હતી.

# ઝાલોદ શહેરનાં મોગલ છોરું ગ્રુપ દ્વારા પગપાળા સંઘ ભગુડા પહોંચી માઁ મોગલ ધામ ભગુડામાં ૫૬ ગજની ધજા મંદિરે ચઢાવવામાં આવી હતી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

(પ્રતિનિધી)
। ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ શહેરનાં મોગલ છોરું ગ્રુપ દ્વારા પગપાળા સંઘ ભગુડા પહોંચી માઁ મોગલધામ ભગુડામાં ૫૬ ગજની ધજા મંદિરે ચઢાવવામાં આવી હતી જેમાં ઝાલોદ નગરનામાં મોગલ છોરું ગ્રુપ દ્વારા પગપાળા સંઘ નીકાળવામાં આવ્યો હતો જે સંઘ તા. ૦૮.૦૧.૨૦૨૪નાં રોજ ભગુડા ધામ ખાતે પહોંચી માઁ મોગલની આરતી ઉતારી ત્યારબાદ ૫૬ ગજની ધજા મંદિરે ચઢાવવામાં આવી હતી જ્યાં પ્રસાદી આપવામાં આવી હતી.

સંઘમાં અંદાજે ૩૫ લોકો જોડાયા હતાં જેમાં કહેવામાં આવે છે કે કાઠિયાવાડની ધરતી એટલે પવિત્ર ગણાય છે તો સારંગપુર, બગદાણા અને ભગુડા મોગલધામ સુધીના તમામ રોડ રસ્તાઓ ઉપર આવતા બાપા સીતારામની મઢુલીઓ પર ચા કોફી નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# સરકારી વિજ્ઞાન કોલેજ વેરાવળ ખાતે સ્પેક્ટ્રા ૨૦૨૪ વાર્ષિકોઉત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી

(માહિતી)
। ગીર સોમનાથ, તા.૯ ।

ગીર સોમનાથ જિલ્લાની એકમાત્ર સરકારી વિજ્ઞાન કોલેજ વેરાવળ ખાતે આચાર્ય શ્રી ડો. સ્મિતાબેન બી. છગના માર્ગદર્શન હેઠળ સ્પેક્ટ્રા ૨૦૨૪ વાર્ષિક ઉત્સવની ખૂબ જ સુંદર આયોજન સાથે ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી પલ્લવીબહેન જાની તેમજ વેરાવળ અને આસપાસના વિસ્તારના વિવિધ શૈક્ષણિક સંકુલોના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સપ્તધારાની વિવિધ ધારાઓ અંતર્ગત વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. છેલ્લા એક સપ્તાહ દરમિયાન રમતગમતની વિવિધ સ્પર્ધાઓ ઉપરાંત ટેકફેસ્ટમાં વિજ્ઞાન પ્રત્યે વિદ્યાર્થીઓની અભિરુચિ વિકસે તે માટે જ્ઞાનસભર પોસ્ટર તેમજ વર્કિંગ મોડેલ્સ રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ફુડ ઝોનમાં વિદ્યાર્થીઓ દ્વારા જાતે બનાવવામાં આવેલી ખાદ્ય સામગ્રીઓના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. સ્પેક્ટ્રા ફેસ્ટમાં રંગોળી સ્પર્ધા, રમતગમત, વકતૃત્વ સ્પર્ધા નિબંધ સ્પર્ધા, મેમરી ગેમ, ટ્રેઝર હન્ટ તેમજ વન મિનિટ જેવી જ્ઞાનસભર રમતો, ફાઈન આર્ટસ, ક્રાફ્ટ જેવી ધારાઓ અંતર્ગત કૌશલ્ય વિકાસના હેતુથી મહેંદી સ્પર્ધા, નેઈલ આર્ટ તેમજ હેર સ્ટાઈલ, જ્ઞાનધારા અંતર્ગત શોર્ટ સ્ટોરી, કાવ્ય લેખન વગેરે જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

# વિસાવદર તાલુકાના વાજડી ગામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ને આવકારતા ગ્રામજનો–રથને કુમ કુમ તિલક કરી સ્વાગત કરાયું



। (માહિતી) જૂનાગઢ, તા.૯ ।

વડાપ્રધાનના નેતૃત્વમા તા.૧૫મી નવેમ્બર 'જનજાતીય ગૌરવ દિવસ'થી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં વિસાવદર તાલુકાના વાજડી ગામે મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત 'મેરી કહાની, મેરી જુબાની' હેઠળ વિવિધ યોજનાના લાભાર્થીઓએ પોતાને મળેલ યોજનાકીય લાભો અંગે અનુભવો વર્ણવી સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. બાળકો દ્વારા પ્રાકૃતિક કૃષિના મહત્વને ઉજાગર કરતું 'ધરતી કહે પુકાર કે' લઘુ નાટક રજૂ કરવામાં આવ્યું હતું. આ તકે પ્રધાનમંત્રીશ્રીનો વિડિયો સંદેશ તેમજ વિકસિત ભારત સંકલ્પ યાત્રા ફિલ્મ સૌ ગ્રામજનોએ રસપૂર્વક નિહાળી હતી. આરોગ્ય વિભાગ દ્વારા આયોજિત આરોગ્ય ચેકઅપ કેમ્પનો ગ્રામજનોએ લાભ લીધો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ નાગરિકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવા સંકલ્પ લીધા હતા. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત ઉપપ્રમુખશ્રી ભરતભાઈ કોટડીયા, અગ્રણીશ્રી



હરીભાઈ રીબડીયા, નરેન્દ્રભાઈ કોટીલા, વિપુલભાઈ કાવાણી, પરોશત્તમભાઈ પદમાણી, સોમાભાઈ સરસીયા, વાજડી ગામનાં સરપંચશ્રી, મિશન મંગલમ યોજનાનાં કો-ઓર્ડીનેટર નંદુબેન નંદાણિયા, સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી સુશ્રી કાનગડ તારાબેન, વાસ્મો યોજનાનાં નોડલ નાયબ મેનેજર શૈલેષ પંડીત, ગ્રામ પંચાયતનાં હોદેદારશ્રીઓ, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ખેતીક્ષેત્રે નવિનત્તમ ટેક્નોલોજી સભર ખેતીમાં અદ્યતન ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપતી 'નમો ડ્રોન દીદી યોજના' સૌના આકર્ષણનું કેન્દ્ર બની છે. વાજડી ગામે ખેતી પાકમાં ડ્રોનનું લાઈવ નિદર્શન કરવામાં આવ્યું હતું. ખેતરમાં પાક પર ડ્રોનથી દવા છંટકાવ કરવાનો પ્રયોગાત્મક રીતે ખેતરમાં કઈ રીતે અસરકારકતાથી ડ્રોન ટેક્નોલોજીથી દવા છંટકાવ કરી શકાય તે સૌ મહાનુભાવો, અગ્રણીઓ, અધિકારીઓ, કર્મચારીઓ અને ગ્રામજનોએ લાઈવ નિર્દશન નિહાળ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે માનસિક ભય તમને હતોત્સાહ કરી શકે છે. હકારાત્મક રીતે વિચારવું તથા ઉજળી બાજુ તરફ જોવું એ આ ભયને કિનારે રાખશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. આજે રૉમેન્ટિક લાગણીનો એવો જ બદલો મળશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારામાંની ઉચ્ચ ઊર્જાને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. પરિસ્થિતિ અંકુશમાં રાખવા માટે તમારા ભાઈને મદદ કરો.વિવાદને કારણ વગર વધારશો નહીં એના કરતાં શાંતિપૂર્વક તેને ઉકેલવાનો પ્રયાસ કરજો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે વધુ પડતી કૅલૉરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. નવી બાબત પર ધ્યાન કેન્દ્રિત કરો અને તમારા ખાસ મિત્રની મદદ લો. આજે તમે ડૅટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. તમારો પરિવાર તમારી વહારે આવશે તથા કટોકટીના સમયમાં તમારૂં માર્ગદર્શન કરશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો? બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે. હકારાત્મક પરિણામ આપવા માટે સમજવાનો પ્રયાસ કરો તથા પરિસ્થિતિને તેમના દૃષ્ટિકોણથી જોવાની કોશિષ કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. તમારા દિલ પર રૉમાન્સનું રાજ હશે. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો.

## હવે PACS ના માધ્યમથી PM જન-ઔષધિ કેન્દ્રોમાં ઉપલબ્ધ સસ્તી અને ગુણવત્તાયુક્ત દવાઓ ગ્રામીણ ક્ષેત્રના ગરીબોને પણ ઉપલબ્ધ થશે : અમિત શાહ



। નવી દિલ્હી, તા.૯ ।

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે સોમવારે ૫ રાજ્યોના PACSને પ્રધાનમંત્રી ભારતીય જન-ઔષધી કેન્દ્રના સંચાલન માટે સ્ટોર કોડ્સનું વિતરણ કરવાના કાર્યક્રમમાં સ્પષ્ટ કર્યું હતું કે ‘હવે PACS ના માધ્યમથી, PM જન ઔષધિ કેન્દ્રોમાં ઉપલબ્ધ સસ્તી અને ગુણવત્તાયુક્ત દવાઓ ગ્રામીણ વિસ્તારોમાં ગરીબોને પણ ઉપલબ્ધ થશે.’

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીના સક્ષમ માર્ગદર્શન હેઠળ PACSને બહુહેતુક બનાવવાનું કામ પૂરજોશમાં થઈ રહ્યું છે. સહકારી આંદોલનને મજબૂત બનાવનાર શાહની દેખરેખ હેઠળ, દેશભરમાં ૨,૩૭૩ PACS એફોર્ડેબલ દવાની દુકાનો એટલે કે જન ઔષધિ કેન્દ્ર તરીકે સ્થાપિત કરવામાં આવી રહી છે.

અંત્યોદયની રાજનીતિ કરનારા દિગ્ગજ નેતા અમિત શાહના આ પગલાથી હવે ગ્રામીણ વિસ્તારના ગરીબો અને ખેડૂતો પણ PACS દ્વારા સસ્તી દવાઓ મેળવી શકશે. અગાઉ, તેનો લાભ માત્ર શહેરના ગરીબોને જ મળતો હતો, કારણ કે જન ઔષધિ કેન્દ્રો મોટાભાગે શહેરી વિસ્તારોમાં સ્થિત છે. છેલ્લા ૧૦ વર્ષમાં મોદી સરકારના શાસનમાં ફાર્મસી ક્ષેત્રે ઘણા સુધારા થયા છે અને આજે ભારત સમગ્ર વિશ્વમાં ફાર્મસી ક્ષેત્રે અગ્રણી ઉત્પાદક દેશ બની ગયો છે. વિશ્વભરમાં દવાઓ મોકલનાર ભારતની ૬૦ કરોડની વસ્તી મોંઘી દવાઓ ખરીદવામાં અસમર્થ હતી. પરંતુ અમૃતકાલમાં, જેનરિક દવાઓની વ્યવસ્થાને સુવ્યવસ્થિત કરીને, ભારતીય જન ઔષધિ કેન્દ્ર દ્વારા ૬૦ કરોડ ગરીબ લોકોને દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આજે ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય ક્ષેત્રે ઘણો સુધારો થયો છે. મોદીજીના ‘સહકાર દ્વારા સમૃદ્ધિ’ના મંત્રને સાકાર કરવા માટે રાત-દિવસ કામ કરી રહેલા શાહની નીતિઓ હેઠળ, હવે સહકારી ક્ષેત્ર દ્વારા દૂરના ગામડાઓમાં જન ઔષધિ કેન્દ્રોની પહોંચ વધી રહી છે.

શાહ નું સ્પષ્ટપણે માનવુ છે કે સહકાર અને સ્વાસ્થ્યનો આ સંગમ સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્યનો સંગમ છે. આજે, સહકારી ક્ષેત્ર દ્વારા ઘણા રાજ્યોમાં PACS શરૂ કરવામાં આવ્યું છે અને લગભગ ૨,૩૦૦ PACS ગુજરાત, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને ઉત્તર રાજ્યોમાં ગ્રામીણ વિસ્તારોમાં સસ્તી દવાઓ આપવા માટે કામ કરી રહ્યા છે. મહારાષ્ટ્ર, બિહાર, જમ્મુ અને કાશ્મીર, ઉત્તર પ્રદેશ અને આંધ્રપ્રદેશનો સમાવેશ કરતા પાંચ PACS ને પ્રતીકાત્મક પ્રમાણ પત્રો પણ આપવામાં આવ્યા હતા. ગરીબી નાબૂદી અને ગરીબોના ઉત્થાન માટે પ્રતિબદ્ધ એવા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના સક્ષમ માર્ગદર્શન હેઠળ, સહકાર મંત્રાલય ૨ લાખ નવા PACS બનાવીને દરેક પંચાયતને PACS પ્રદાન કરવા માટે ઝડપ થી કામ કરી રહ્યું છે. આરોગ્ય સુધારણા માટે છેલ્લા ૯ વર્ષોમાં, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, આયુષ્માન યોજના, પ્રધાનમંત્રી હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના, પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના, નેશનલ હેલ્થ મિશન, મેલેરિયા મુક્ત ભારત, સાર્વત્રિક રસીકરણ માટે મિશન ઈન્દ્રધનુષ, ટીબી નાબૂદી કાર્યક્રમ, માતૃ વંદના યોજના, જનની સુરક્ષા યોજના, નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ, ફિટ ઈન્ડિયા, ખેલો ઈન્ડિયા અને ડાયાલિસિસ પ્રોગ્રામ જેવા અનેક કાર્યક્રમોનું નેટવર્ક વણાયેલું છે.



મથુરા નજીક યમુના નદીમાં ઝેરી ફીણ હોવાથી લોકો હોડી પર સવારી કરતાં નજરે પડે છે.

## ગેસ લીક થતા લોકોને શ્વાસ લેવામાં તકલીફ, વિસ્તાર ખાલી કરાવાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ઉત્તરાખંડના દેહરાદૂનમાં ક્લોરિન ગેસ લીક થવાને કારણે ખળભળાટ મચી ગયો છે. ઝાઝરામાં ખાલી પ્લાન્ટની અંદરથી આ લીકેજ થયું છે. જેના કારણે આસપાસના લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. આ ખાલી પ્લાન્ટમાં સિલિન્ડર રાખવામાં આવ્યા હતા, જેમાંથી ક્લોરિન લીક થઈ ગયું છે. પોલીસે આસપાસના વિસ્તારને ખાલી કરાવ્યો છે અને સિલિન્ડરને ભૂગર્ભમાં દાટી દેવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોલીસ, ફાયર વિભાગ અને એસડીઆરએફની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. ગેસ લીક થવાની માહિતી મળતા જ એસએસપી અજય સિંહ તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ ઉપરાંત ફાયર વિભાગ, જીહ્વઈહ્લ અને દ્ગડ્ઢઇહ્લની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને ક્લોરીન ગેસના લીકેજને રોકવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ખાડો ખોદીને ક્લોરિન ગેસ સિલિન્ડરો દાટી રહ્યા છે. ગેસ લીકને રોકવામાં લાગેલી ટીમોનો એક વીડિયો જાહેર કર્યો છે, જેમાં જોઈ શકાય છે કે કેવી રીતે એક ટીમ ક્લોરિન ગેસ સિલિન્ડરને જમીનમાં દાટી રહી છે, જેથી ગેસ લીકને નિયંત્રિત કરી શકાય. મળતી માહિતી મુજબ આ ઘટના વહેલી સવારે બની હોવાનું કહેવાય છે. પોલીસ સ્ટેશન પ્રેમનગરને બાતમી મળી હતી કે ઝાઝરા વિસ્તારમાં એક ખાલી પ્લોટમાં ગેસ સિલિન્ડર લીક થઈ રહ્યું છે. માહિતી મળતાં જ વરિષ્ઠ પોલીસ અધિક્ષક સહિત એસડીઆરએફ અને એનડીઆરએફની ટીમો આવી પહોંચી હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. તેમજ આસપાસના વિસ્તારમાં આવેલા મકાનોમાંથી લોકોને બહાર કાઢી સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. સ્થળ પરથી ગેસ સિલિન્ડર હટાવવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જીજીંએ અધિકારીઓને આ મામલે તપાસ કરવા સૂચના આપી હતી કે પ્લોટમાં સિલિન્ડર કોણે રાખ્યા હતા.

## Room Heaterના વધુ પડતા ઉપયોગથી આંખોને થઈ શકે છે ગંભીર નુકસાન

### સતત વધી રહેલી ઠંડીથી બચવા લોકો હવે રૂમ હીટર અને બ્લોવરનો સહારો લેવા લાગ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીને કારણે દરેક વ્યક્તિ ધ્રૂજી રહી છે. સતત વધી રહેલી ઠંડીથી બચવા લોકો હવે રૂમ હીટર અને બ્લોવરનો સહારો લેવા લાગ્યા છે. જેના કારણે આપણે ઠંડીથી બચી રહ્યા છીએ પરંતુ આપણી આંખોને ખતરનાક નુકસાન થઈ રહી છે. જેના કારણે આંખોના આંસુ સુકાવા લાગ્યા છે. આંખોમાં શુષ્કતા વધી રહી છે. હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં લગભગ ૩૦ ટકાનો વધારો થયો છે. આંખના નિષ્ણાતો કહે છે કે શરદીથી બચવા માટે ગરમ કપડાં પહેરો પરંતુ હીટર કે બ્લોઅરનો વધુ પડતો ઉપયોગ ન કરો, કારણ કે તેનાથી આંખોમાં પાણી સુકાઈ જાય છે અને આંખોમાં ખંજવાળ, લાલાશ કે પાણી આવવાની સમસ્યા વધી જાય છે.



આવા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. તેનાથી બચવા માટે આંખોમાં લુબ્રિકન્ટ લગાવતા રહેવું જોઈએ. ડોક્ટરનું કહેવું છે કે એક તરફ મોબાઈલ, લેપટોપ જેવા ગેજેટ્સનો ઉપયોગ વધી રહ્યો છે તો બીજી તરફ હીટર બ્લોઅરથી આંખોને ગંભીર નુકસાન થઈ રહ્યું છે. જેના કારણે આંખો ડ્રાય થવાની સમસ્યા વધુ ગંભીર બની જાય છે. યુવાનોમાં આ સમસ્યા ઝડપથી વધી રહી છે. આજકાલ કૃત્રિમ આંસુ પણ આવવા લાગ્યા છે, જેના ઉપયોગની સલાહ ડોક્ટરો આપે છે. શિયાળાની ઋતુમાં આપણું શરીર એ રીતે હાઈડ્રેટ નથી રહેતું. ઓછું પાણી પીવાના કારણે શરીરમાં પાણીની ઉણપ થાય છે. કુદરતી ભેજ પણ નષ્ટ થઈ જાય છે. આવી સ્થિતિમાં રૂમમાં લાંબા સમય સુધી હીટર ચાલુ રાખવું અને આખી રાત હીટર રાખીને સૂવું તમારા માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. ચહેરો, કારણ કે રૂમ હીટરનું તાપમાન તેની હાજરી હવામાંથી ભેજને સંપૂર્ણપણે છીનવી લે છે, જેના કારણે તમારી ત્વચા શુષ્ક, નિર્જીવ, શુષ્ક બની જાય છે. જો તમારી ત્વચા ખૂબ જ સંવેદનશીલ હોય તો ત્વચા પર લાલ ફોલ્લીઓ, ખંજવાળ આવવાની શક્યતા વધી જાય છે.

## ઈડીની તપાસમાં ૧૦ હજાર કરોડના શંકાસ્પદ વ્યવહારો સામે આવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

કેન્દ્રીય એજન્સી ઈડીએ પશ્ચિમ બંગાળમાં કથિત અનાજ વિતરણ કૌભાંડને લઈને ચોંકાવનારા ખુલાસા કર્યા હતાં. ઈડીના મતે, રાજ્યના પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો છે. કેન્દ્રીય એજન્સીએ દાવો કર્યો છે કે, અત્યાર સુધીમાં હાથ ધરવામાં આવેલી તપાસમાં રૂ. ૯,૦૦૦ થી ૧૦,૦૦૦ કરોડના શંકાસ્પદ વ્યવહારો સામે આવ્યા છે. આ સાથે જ આશરે રૂ. ૨,૦૦૦ કરોડ જેટલી રકમ સીધી રીતે બાંગ્લાદેશ અથવા દુબઈ ટ્રાન્સફર કરવામાં આવી હોવાની આશંકા છે. કેન્દ્રીય એજન્સીએ પશ્ચિમ બંગાળની પોલીસ પર ગંભીર આરોપો લગાવ્યા હતાં. તેમણે કહ્યું કે, ઈડીની ટીમ પર કરવામાં આવેલા હુમલાને લગતા કેસની એફઆઈઆરની કોપી તેમને સોંપવામાં આવી નથી. ઈડીએ વધુમાં ઉમેર્યું હતું કે, પશ્ચિમ બંગાળ પોલીસે રૂપિયા ૧૦,૦૦૦ કરોડના કથિત કૌભાંડને દબાવવાના પ્રયાસો કર્યા હતાં અને તેમના દ્વારા આરોપીઓ સામે જામીનપાત્ર કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

## તારીખ ૨૫ માર્ચે વર્ષનું પ્રથમ ચંદ્રગ્રહણ થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ચંદ્રગ્રહણ ખગોળીય અને ધાર્મિક બંને રીતે ખુબ મહત્વ છે. જ્યોતિષ શાસ્ત્રમાં ગ્રહણની ઘટનાને ખુબ ખાસ માનવામાં આવે છે. નવું વર્ષ શરુ થઇ ગયું છે અને વૈદિક પંચાંગની ગણના અનુસાર વર્ષ ૨૦૨૪માં ૫ ગ્રહણ લાગશે જેમાં ૩ ચંદ્રગ્રહણ હશે અને ૨ સૂર્યગ્રહણ. પહેલું ચંદ્રગ્રહણ ૨૫ માર્ચના રોજ થશે. ૨૫ માર્ચે ચંદ્ર કન્યા રાશિમાં હાજર રહેશે, જ્યાં પહેલાથી જ રાહુ બિરાજમાન છે. આ વર્ષે ચંદ્ર ગ્રહણ પર હોળીનો તહેવાર છે. પંચાંગની ગણતરી મુજબ વર્ષ ૨૦૨૪માં હોળીનો તહેવાર ૨૫ માર્ચે ઉજવવામાં આવશે અને તે જ દિવસે ચંદ્રગ્રહણ પણ થશે. વૈદિક કેલેન્ડર અનુસાર, ફાગણ મહિનાના શુક્લ પક્ષની પૂર્ણિમાની તારીખ ૨૪ માર્ચે રાત્રે ૦૯:૫૭ વાગ્યે શરૂ થશે અને ૨૫ માર્ચના રોજ સવારે ૧૨:૩૨ વાગ્યે સમાપ્ત થશે. આ રીતે, હોળીનો તહેવાર ૨૫ માર્ચે ચંદ્રગ્રહણની છાયામાં ઉજવવામાં આવશે. હિન્દી કેલેન્ડર મુજબ, ચંદ્રગ્રહણ ફાગણ મહિનાના શુક્લ પક્ષની પૂર્ણિમાની તારીખે એટલે કે ૨૫ માર્ચ ૨૦૨૪ સોમવારના રોજ થશે. આ ચંદ્રગ્રહણ કન્યા રાશિમાં થશે. વર્ષનું પ્રથમ ચંદ્રગ્રહણ સવારે ૧૦.૨૩ વાગ્યાથી શરૂ થશે અને બપોરે ૦૩.૦૨ વાગ્યા સુધી ચાલશે. આ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહીં જેના કારણે તેનો સુતક સમયગાળો માન્ય રહેશે નહીં. આ ચંદ્રગ્રહણ અમેરિકા, જાપાન, રશિયાના કેટલાક ભાગો, આયર્લેન્ડ, ઈંગ્લેન્ડ, સ્પેન, પોર્ટુગલ, ઈટાલી, જર્મની, ફ્રાન્સ, હોલેન્ડ, બેલ્જિયમ, દક્ષિણ નોર્વે અને સ્વિટ્ઝરલેન્ડમાં દેખાશે.

## ઉદ્ધવ જૂથના ધારાસભ્ય અને તેના સાથીઓને ત્યાં ઈડીના દરોડા

। (એજન્સી) મુંબઈ, તા.૯ ।

મુંબઈમાં શિવસેના જૂથના નેતા અને ધારાસભ્ય અને તેના ભાગીદારો સાથે જોડાયેલા સાત વિવિધ સ્થળે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ દરોડા પાડ્યા હતા. મુંબઈમાં જોગેશ્વરીમાં એક હોટલના નિર્માણના મામલે ઉદ્ધવ જૂથના નેતા અને ધારાસભ્ય રવીન્દ્ર વાયકર અને તેમના સાથીઓના વિવિધ સાત સ્થળે પર ઈડીએ કાર્યવાહી કરી હતી. ઈડીએ આ કાર્યવાહી જોગેશ્વરીમાં જમીનના ઉપયોગની શરતોમાં કથિત રીતે છેડછાડ કરીને હોટલ બનાવવાના મામલે કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આ દરોડામાં વાયકર અને તેના કેટલાક સહયોગીઓ તેમજ અન્ય લોકોનો પણ સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે રવીન્દ્ર વાયકર શિવસેના (ઉદ્ધવ) જૂથમાંથી શિવસેનાના ધારાસભ્ય છે.

વિશેષ

‘બીજથી બજાર સુધી’ ધરતીપુત્રોને સહકાર પૂરો પાડતી રાજય સરકાર

# પ્રાકૃતિક ખેતીથી અઢળક આવક રળીને કૃષિકારો માટે પ્રેરણારૂપ બનતા રાજકોટ જિલ્લાના ખેડૂત

### ગૌમાતા આધારિત પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદનની ગુણવત્તા સારી આવે છે. જમીનની ફળદ્રુપતા વધી છે ને માટી સુગંધીત બની છે : કૃષ્ણરાજસિંહ જાડેજા









આલેખન : માર્ગી મહેતા

ભારતીય સંસ્કૃતિ પ્રકૃતિ સાથે જોડાયેલી છે. એટલે કે ધરતી આપણી માતા છે અને આપણે તેના પુત્રો છીએ. આ મંત્રમાં ધરતીને ‘માં’ સાથે સરખાવીને ધરતીનો મહિમા દર્શાવવામાં આવ્યો છે. ગરિમામય ધરતીમાતા આપણને બહોળા પ્રમાણમાં ફળ, ફૂલ, અનાજ, કઠોળ આપે છે. આપણા દેશમાં કૃષિનો વ્યવસાય પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે. ખેતીના આધુનિક યંત્રો અને આવિષ્કારો ન હતા ત્યારે પણ ખેતી સમૃદ્ધ હતી, તેનું મુખ્ય કારણ છે પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી. તેથી, ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત ધરતીપુત્રો પ્રાકૃતિક કૃષિ તરફ વળે, એ માટે ભગીરથ પ્રયાસો કરી રહ્યા છે. ત્યારે આપણે વાત કરીએ રાજકોટ જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતશ્રી કૃષ્ણરાજસિંહ જાડેજાની.. કે જેઓ પ્રાકૃતિક ખેતીથી અઢળક આવક રળીને અન્ય કૃષિકારો માટે પ્રેરણારૂપ બન્યા છે. રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના રાવકી ગામમાં રહેતા શ્રી કૃષ્ણરાજસિંહને બાળપણથી ગાય અને ખેતી માટે અનહદ આદર. તેથી, તેમણે નોકરીના બદલે ખેતીનો વ્યવસાય પસંદ કર્યો. તેઓ કહે છે કે શરૂઆતમાં રાસાયણિક ખેતી કરવામાં ખૂબ ખર્ચ કર્યો, અતૂટ મહેનત કરી છતાં ખાસ કંઈ વળતર મળતું નહીં. ત્યારબાદ ગાય આધારિત ખેતીના કન્સેપ્ટનો અભ્યાસ કર્યો. ને સમજાયું કે ઓછા ખર્ચે પણ ખેતી થઈ શકે છે. અમારી પાસે ગોધન તો હતું પરંતુ પૂરતું માર્ગદર્શન ન હતું. એટલે સફળ ખેડૂતોની જિજ્ઞાસાપૂર્વક મુલાકાત લઈને પ્રાકૃતિક ખેતી ચાલુ કરી.

શ્રી કૃષ્ણરાજસિંહ પ્રાકૃતિક ખેતીના અનુભવ વિષે વિસ્તારપૂર્વક જણાવે છે કે અમે આઠ એકર જમીનમાં સંપુર્ણ પ્રાકૃતિક રીતે દૂધી, રીંગણા, ફલાવર, ડુંગળી, ટામેટાં, મકાઈ, ધાણા, મગફળી, તુવેર, દાડમ, અડદ, મગ, ચણા જેવા અનેક ઉત્પાદનો લઈએ છીએ. છાણ, ગોળ, માટી, છાશ અને ગૌમૂત્રથી જીવામૃત બનાવી ખેતી કરવાથી પાક ખીલી ઊઠે છે. ગૌમાતા આધારિત પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદનની ગુણવત્તા સારી આવે છે. જમીનની ફળદ્રુપતા વધી છે ને માટી સુગંધીત બની છે. પરિજનોના સ્વાસ્થ્ય સારા રહે છે. કારણકે ઋતુ પ્રમાણે શાકભાજી તથા રસોઈમાં વપરાતી જણસો જાતે ઉગાડીએ છીએ અથવા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પાસેથી લઈએ છીએ. તો વળી આ ઉત્પાદનનું સારા ભાવથી વેચાણ પણ કરીએ છીએ. આ રીતે જોઈએ તો મૂલ્યવર્ધન પ્રાકૃતિક ખેતી અમારા માટે લાભદાયી સાબિત થઈ છે.

ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવાનો અનુરોધ કરતા તેઓ કહે છે કે પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન ઘટે, એ તો ગેરસમજ છે. ખેડૂતો ક્યાં સુધી ઝેરી રસાયણયુક્ત ખાતર વાપરી જમીન અને જનઆરોગ્યને નુકસાન પહોંચાડશે? માતા બાળકને ઉછેરે છે, તેમ જમીન પાકને ઉછેરે છે. તો કૃષિકારોની પણ નૈતિક ફરજ છે કે જમીનને રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાથી સમસ્યાગ્રસ્ત કરવાને બદલે તેને પ્રાકૃતિક ખાતરના વપરાશથી ફળદ્રુપ બનાવવી જોઈએ. ખેતીનો હુન્નર ધરાવતા ખેડૂતોએ શક્ય હોય તો જમીનને પ્રયોગશાળા બનાવવી જોઈએ. કારણ કે હવે ગૌમાતા આધારિત પ્રાકૃતિક ખેતી કરીને પ્રકૃતિના જતનનો વખત આવી ગયો છે.

શ્રી કૃષ્ણરાજસિંહ ભારત સરકાર અંતર્ગત ઓર્ગેનિક એફ.પી.ઓ. લોધીકા ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડના ચેરમેન છે. કંપની સાથે જોડાયેલા ખેડૂતો પ્રાકૃતિક ખેતીથી ગુણવત્તાયુક્ત પાક લેવા ચિંતન-મનન કરે છે. કંપની થકી દેશી શાકભાજી અને તેના બિયારણનું વેચાણ કરવામાં આવે છે. કંપનીએ બનાવેલા યાંત્રિક ઓજાર પાવર ટીલર મોંઘાદાટ ટ્રેક્ટરનો વિકલ્પ પૂરો પાડે છે. તેમણે અંતે ઉમેર્યું હતું કે ગુજરાત સરકાર પ્રાકૃતિક ખેતી કરનાર ધરતીપુત્રોને પ્રોત્સાહન પૂરું પાડે છે, આર્થિક સહાય કરે છે, રવિ કૃષિ મહોત્સવ જેવા આયોજન કરે છે. ‘બીજથી બજાર સુધી’ ખભેખભો મિલાવી સરકાર ધરતીપુત્રોને સહકાર પૂરો પાડે છે. જે બદલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ખૂબ ખૂબ આભાર માનું છું. તેમજ વધુમાં વધુ ખેડૂતો ખેતી કરવા માટે પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી અપનાવે, તેવી મારી લાગણી છે. અને પ્રાકૃતિક ખેતીની આહલેકમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સાથે સહભાગી બનવાની ખેડૂતોને મારી અપીલ છે.

## ન્યૂઝ બ્રિફ

### અંકલેશ્વરના ગામડાઓમાં લટાર મારતો દીપડો આખરે પાંજરે પુરાયો

। (એજન્સી) અંકલેશ્વર, તા.૯ ।

જુના નેશનલ હાઈવે અને નેશનલ હાઈવે ૪૮ વચ્ચે આવેલા ગામડાઓમાં સમયાંતરે નજરે પડતા દીપડાએ સ્થાનિકોમાં ફફડાટ ફેલાવ્યો હતો. વનવિભાગને ઘટનાની જાણ કરાતા પાંજરા ગોઠવવામાં આવ્યા હતા જેમાં આખરે દીપડો પાંજરે પુરાતા સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો હતો. અંકલેશ્વર તાલુકાના ગામોમાં દીપડાની સીમમાં હાજરી સમયાંતરે જોવા મળતી હતી. આ દીપડાનું રહેણાંક વિસ્તારો સુધી ઘુસી આવું માનવી અને વન્ય જીવ બન્ને માટે જોખમી સ્થિતિ જણાતી હતી. વન વિભાગ દ્વારા જે ગામોમાં દીપડો જોવા મળ્યો હતો.

### ઉધનામાં ડાઈંગ મીલમાં આગ લગતા ૭ ફાયર ટેન્કરની મદદથી કાબુ મેળવાયો

। (એજન્સી) સુરત, તા.૯ ।

સુરત શહેરમાં વહેલી સવારે આગની ઘટના બતા ઉધના વિસ્તાર ઈમરજન્સી સાયરનોથી ગુંજી ઉઠ્યું હતું. ઉધના રોડ નંબર ત્રણ પર ડાઈંગ મિલમાં આગ લગતા દોડધામ મચી હતી. ઉદ્યોગનગર રોડ નંબર ત્રણ પર આવેલી શંકર ડાઈંગ મિલમાં આ ઘટના બનતા ફાયર બ્રિગેડ મદદે બોલાવાયું હતું. આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આગ લાગતા ફાયર વિભાગની ૭ ગાડીઓ ઘટના સ્થળે દોડી આવી હતી અને આગ ઉપર પાણીનો મારો ચલાવી કાબુ મેળવાયો હતો. આગ લાગવાનું કારણ હજુ જાણી શકાયું નથી.સદનસીબે ઘટનામાં કોઈ જાનહાની નોંધાવા પામી નથી. ઘટનામાં ફાયર ઓફિસર મનોજ શુક્લા ઈજાગ્રસ્ત થયા છે.

### લોકો ધૂળીયા રસ્તા પર અવરજવર કરવા મજબૂર બન્યા

# મહેસાણામાં નવા રસ્તાની મંજૂરી મળ્યાને ૨ વર્ષ થયા છતાં કામગીરીના નામે શૂન્ય

### રજૂઆત કરી કરીને સ્થાનિકો થાક્યા છે પરંતુ તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી રહી નથી

। મહેસાણા, તા.૯ ।



મહેસાણા જિલ્લામાં અનેક રસ્તાઓને મુખ્યમંત્રી સડક યોજનામાં મંજૂરી અપાઈ ચૂકી છે. આ વાતને પણ ૨૪ મહિનાઓનો સમય વીતી ચૂક્યો છે. આમ છતાં પણ મહેસાણા જીલ્લાનું તંત્ર આ રસ્તાઓનું નિર્માણ કરતુ નથી અને લોકો ધૂળીયા રસ્તા પર અવરજવર કરવા મજબૂર બન્યા છે. આવા ૧૦ રસ્તાઓના કામ જ હાથ ધરવામાં આવ્યા નથી. મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાનો આ પ્રકારના મહેસાણા જિલ્લામાં ૧૦ રસ્તા છે. જે મંજૂર થઈ ગયા છે પરંતુ બે વર્ષથી કોઈ કામ ચાલું થયું નથી. મુખ્યમંત્રી સડક યોજનામાં રોડ મંજૂર થયા છે. જોબ નંબર પડ્યા તેને બે વર્ષ થઈ ગયા છે. પરંતુ કામગીરીના નામ પર હજુ પણ કઈ થયું નથી, જેના પગલે સ્થાનિકોને પારવાર મુશ્કેલીનો સમાનો કરવો પડી રહ્યો છે. રજૂઆત કરી કરીને સ્થાનિકો થાક્યા છે. પરંતુ તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી રહી નથી. તો બીજી તરફ બેચરાજી કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ભરતજી ઠાકોર એ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી છે. તેઓએ રજૂઆત કરી છે કે, મુખ્યમંત્રી સડક યોજના હેઠળ વર્ષ ૨૦૨૦/૨૧ માં આ ૧૦ રોડ મંજૂર કરાયા છે. જે રોડના કામ તાત્કાલિક શરૂ કરવામાં આવે જેથી આ વિસ્તારના ગ્રામજનો ને હાલાકી વેઠવી ના પડે. ત્યારે હવે તે જોવું રહ્યું કે મહેસાણાનું નિંદ્રાધીન તંત્ર જાગે છે કે નહીં. મંજૂર થઈ ગયેલા રસ્તાનું કામ શરૂ થવામાં જો વર્ષો વીતિ જતા હોય તો નવો રસ્તો મંજૂર થવામાં કેટલો સમય થાય આ સવાલ ચિંતા વધારી રહ્યો છે.

### ડાંગ જિલ્લામાંથી પસાર નેશનલ હાઈવે નંબર ૯૫૩

# સાંકડા રસ્તાની સમસ્યા હલ કરો નહીંતર આંદોલન માટે તૈયાર રહો : સ્થાનિકોની સરકારને ચીમકી

### આ બાબતે કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સમસ્યા હલ કરવા અથવા આંદોલન માટે તૈયાર રહેવા ચીમકી ઉચ્ચારવામા આવી છે

। ડાંગ, તા.૯ ।



ડાંગ જિલ્લામાંથી પસાર નેશનલ હાઈવે નંબર ૯૫૩ સેંકડો હોવાના કારણે અકસ્માતનો સતત ભય રહેતો હોવાથી સ્થાનિકો આંદોલનની તૈયારી કરી રહ્યા છે.આ બાબતે કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સમસ્યા હલ કરવા અથવા આંદોલન માટે તૈયાર રહેવા ચીમકી ઉચ્ચારવામા આવી છે. ડાંગ જિલ્લામાંથી પસાર નેશનલ હાઈવે નંબર ૯૫૩ સેંકડો હોવાના કારણે અકસ્માતનો સતત ભય રહેતો હોવાથી સ્થાનિકો આંદોલનની તૈયારી કરી રહ્યા છે.આ બાબતે કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સમસ્યા હલ કરવા અથવા આંદોલન માટે તૈયાર રહેવા ચીમકી ઉચ્ચારવામા આવી છે. સૂત્રો અંસુઅર લશ્કર્યાઆંબા થી મહાલ સુધીનો રસ્તો પોહળો કરવા અને ભારે વાહનો બંધ કરવા બાબતે કલેકટરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું.ચાર ગામના સારપંચો, તાલુકા જિલ્લા પંચાયતના સભ્યો અને મોટી સંખ્યામાં ગામજનો એ રેલી સ્વરૂપે કલેકટર કચેરીએ પહોંચી આવેદન પત્ર આપ્યું હતું.સ્થાનિકો અનુસાર છેલ્લા ૮ વર્ષથી નેશનલ હાઈવે બનેલ માર્ગ સીંગલ પટ્ટી એટલેકે માત્ર ત્રણ મીટર પહોળો છે. વાહનોનું ભારણ વધવાથી અહીં અકસ્માતનો સતત ભય રહે છે. ૭ દિવસમાં માંગ ન સંતોષાય તો આંદોલન સાથે આવનારી લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારવામા આવી છે.



ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે તિમોર-લેસ્ટેના પ્રમુખ જોસ રામોસ-હોર્ટા સાથે મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી.

### ગોલ્ડન ચોકડી નજીકથી વિદેશી દારૂ ભરેલુ કન્ટેનર ઝડપાયુ

। (એજન્સી) વડોદરા, તા.૯ ।

વડોદરા માંથી ફરી એકવાર દારુનો જથ્થો ઝડપાયો છે. ગોલ્ડન ચોકડી નજીકથી વિદેશી દારુ ભરેલુ કન્ટેનર ઝડપાયુ છે. મળતી માહિતી અનુસાર વડોદરાથી અમદાવાદ આ કન્ટેનર લવાતુ હતુ. જેને ઝડપી પાડવામાં આવ્યું છે.

રાજ્યમાં દારુ બંધી હોવા છતા અવારનવાર દારુનો જથ્થો ઝડપાતો હોય છે. ત્યારે વડોદરા માંથી ફરી એકવાર દારુનો જથ્થો ઝડપાયો છે. ગોલ્ડન ચોકડી નજીકથી વિદેશી દારુ ભરેલુ કન્ટેનર ઝડપાયુ છે. મળતી માહિતી અનુસાર વડોદરાથી અમદાવાદ આ કન્ટેનર લવાતુ હતુ. જેને ઝડપી પાડવામાં આવ્યું છે. કન્ટેનરમાં આશરે ૧૪ લાખની કિંમતનો દારુનો જથ્થો હતો. તો પોલીસે દારુ સાથે હરિયાણા અને દિલ્લીના બે લોકોની ધરપકડ કરવામાં આવી છે.

તો બીજી તરફ આ અગાઉ દાહોદમાં ફાર્મ હાઉસમાં દારૂની પાર્ટી ઝડપાઈ હતી.ફાર્મ હાઉસમાં પોલીસે દરોડા પાડતા ૨૨ નબીરાઓ દારૂની મહેફિલ માણતા ઝડપાયા હતા. પોલીસે ૨૨ નબીરાને ઝડપી લીધા જ્યારે ૨ લોકો ફરાર થયા હતા. મેડિકલ તપાસમાં સામે આવ્યું કે ઝડપાયેલા તમામ નબીરાઓ નશાની હાલતમાં હતા.

### જાહેર નોંધ

અમદાવાદના કાળુપુર રેલ્વે સ્ટેશન પોલીસે એક અખબારી યાદીમાં જણાવ્યું કે, તેઓને તા. ૭-૧-૨૦૨૪ના રોજ ૧:૧૫ વાગ્યાના અરસામાં રેલ્વે સ્ટેશન દક્ષિણ ખાતે એક ઈસમ પુરુષ કોઈ પણ ટ્રેનની અડફેટેમાં આવી જતાં ગળાના ભાગેથી કપાઈ ગયેલ મરણ ગયેલ મળી આવ્યો છે જે મધ્યમબાંધાનો ઘઉવર્ણનો ઉંચાઈ ૫ ફુટ કાળા વાળ છે. કપડાનું વર્ણન - બદનમાં આખઈ બાયનું ટી શર્ટ તથા કમરે આસમાની કલરનું જીન્સ પેન્ટ તેની નીચે આસમાની કલરનો ડિઝાઈનવાળો અંડવિયર પહેરેલ છે. જે પણ ઓળખતા હોય તત્કાલીક ધોરણે કાળુપુર રેલ્વે પોલીસ સ્ટેશનમાં સંપર્ક કરવા વિનંતી...




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨